# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૧ * અંક-૪ * ડિસેમ્બર, ૨૦૧૬



જન્મ-મરણના ક્લેશથી છૂટવું હોય, ને મોક્ષનું અવિનાશી કલ્યાણ જોઈતું હોય તેણે પોતાના જ્ઞાનસ્વરૂપ આત્માને જ કલ્યાણરૂપ જાણીને તેમાં સંતુષ્ટ થવું. રાગમાં કદી સંતોષ થાય તેવું નથી. તેમાં તો વિષયોની ઈચ્છા ને આકુળતા જ છે. રાગ પોતે જ આકુળતા છે તો તેમાં સંતોષ કેવો ? જ્ઞાન છે તે નિરાકુળ છે, માટે તેના અનુભવથી જ સંતોષ પામ.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● કામ, ક્રોધ તથા મોહ યે તીનોં હી ઈસ જીવકે મહાન વૈરી હૈ, જબતક ઈન શત્રુઓંસે મનુષ્ય પરાજિત હૈં તબતક માનવોંકો સુખ કિસ તરહ હો સકતા હૈ ? ૧૫૮૫. *(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, ગાથા-૨૬)*

● જો દુર્બુદ્ધિ દુર્જન નિરંતર સ્વયં હી દોષોંમેં સ્થિત રહતા હૈ ઔર દૂસરે ભી તીનોં લોકકે પ્રાણીયોંકો ઉક્ત દોષોંમેં સ્થિત સમજતા હૈ—અપને સમાન દૂસરોંકો ભી દુષ્ટ માનતા હૈ તથા જો ઘૃણિત કાર્યકો કરતા હૈ ઔર શ્રવણ કટુવચનકો બોલતા હૈ, ઉસ દુર્જન મનુષ્યસે સજ્જન મનુષ્ય ધનુષ પર ચઢાયે હુએ બાણકે સમાન ડરતે હૈં. ૧૫૮૬. *(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૪૩૪)*

● જિસ માનવને મેરે આત્મકે રૂપકો દેખા હી નહીં હૈ વહ ન મેરા શત્રુ હૈ ન મિત્ર હૈ વ જિસને પ્રત્યક્ષ મેરે આત્મકો દેખ લિયા હૈ વહ મહાન માનવ ભી મેરા શત્રુ હો સકતા ન મિત્ર. ૧૫૮૭. *(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૩૨, શ્લોક-૩૩)*

● જૈસે સ્નેહકે (ચિકનાઈ તેલકે) સંબંધ હોનેસે તિલ ઘાનીમેં પેલે જાતે હૈં, ઉસી તરહ જો પંચેન્દ્રિયકે વિષયોંમેં આસક્ત હૈં—મોહિત હૈં, વે નાશકો પ્રાપ્ત હોતે હૈં, ઈસમેં કુછ સંદેહ નહીં હૈં. ઈસ વિષયમેં કહા ભી હૈ, વે હી ધન્ય હૈં, વે હી સજ્જન હૈં, ઔર વે હી જીવ ઈસ જીવલોકમેં જીવતે હૈં, જો જવાન અવસ્થારૂપી બડે ભારી તાલાબમેં પડે હુએ વિષયરસમેં નહીં ડૂબતે, લીલામાત્રમેં હી તૈર જાતે હૈં, વે હી પ્રશંસાયોગ્ય હૈં. ૧૫૮૮.

*(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.-૨, ગાથા-૧૧૬-૧૧૭)*

● જેવી રીતે નાવમેં બેઠેલા કોઈ મનુષ્યને નાવની ગતિના સંસ્કારવશ, પદાર્થો વિપરીત સ્વરૂપે સમજાય છે (અર્થાત્ પોતે ગતિમાં હોવા છતાં સ્થિર હોય એમ સમજાય છે અને વૃક્ષ, પર્વત વગેરે સ્થિર હોવા છતાં ગતિમાં હોય એમ સમજાય છે), તેવી રીતે જીવને મિથ્યાદર્શનના ઉદયવશ નવ પદાર્થો વિપરીત સ્વરૂપે સમજાય છે. ૧૫૮૯. *(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પંચાસ્તિકાય–ટીકા, ગાથા-૧૦૭)*

● સમ્યગ્દષ્ટિને પરપદાર્થોમાં સ્વામિત્વભાવ થતો નથી તેથી તે ભયવાન હોવા છતાં પણ નિર્ભય છે. જેમ ચક્ષુઈન્દ્રિયરૂપી પદાર્થોને દેખવા છતાં પણ દેખતી નથી, તેમ સમ્યગ્દષ્ટિને પરમાં સ્વપણાના અભાવથી ઈષ્ટાનિષ્ટ કલ્પનાપૂર્વક પરપદાર્થો ઈષ્ટાનિષ્ટ લાગતા નથી અને તેથી તેમને ભય નથી. ૧૫૯૦.

*(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ–૨, ગાથા-૫૦૦)*

વર્ષ–૧૧
અંક–૪




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વિ. સંવત
૨૦૭૩
December
A.D. 2016




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(તા. ૩-૫-૪૪, સોમવાર) વ્યાખ્યાન નં. ૧૪
(ગાથા ૧૩)

ટીકાકાર આચાર્યદેવ કહે છે કે :—

(ઉપજાતિ)

दग्ज्ञप्तिवृत्त्यात्मकमेकमेव चैतन्यसामान्यनिजात्मतत्त्वं।
मुक्तिस्पृहाणायमनं तदुच्चैरेतेन मार्गेण विना न मोक्षः॥

દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સામાન્ય એક ચૈતન્ય આત્મતત્ત્વ છે, એની મીટ એ જ મોક્ષનો ઉપાય છે; એ માર્ગ વિના મોક્ષ નથી. અહીં એકલા ચૈતન્યના સામાન્ય દર્શનના વ્યાપારનો આદર બતાવવો છે, અપેક્ષિત પર્યાયની વાત નથી. એકરૂપ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સામાન્ય ધ્રુવતત્ત્વ તે મુક્તિસ્વરૂપનું દર્પણ છે, તે તત્ત્વમાં પર્યાય પ્રગટે તેના ભેદ નથી.

આત્માની મુક્ત દશાની ઈચ્છા કરનાર માટે ધ્રુવસ્વરૂપ નિત્ય એકરૂપ છે તે દર્પણ સમાન છે. પુણ્ય-પાપ બન્ને વિકાર છે, તે રહિત ભગવાન આત્મા શાશ્વત ચૈતન્યબિંબ છે તેને ધોયા વગર—દૃષ્ટિમાં લીધા વગર—'મોક્ષકી પ્રાપ્તિ નહીં હો સકતી'!

આ તો ગુણની કારણપર્યાયની વ્યાખ્યા થાય છે; અહો! પદ્મપ્રભઆચાર્યની ટીકા! ગજબ કરી છે, વસ્તુના અધ્યાત્મ સ્વરૂપને બહારમાં પ્રગટરૂપે મૂકી દીધું છે.

**પ્રકૃતિ આ પુદ્‌ગલમયી થકી કરણરૂપ થતાં અરે,**
**રચના થતી જીવસ્થાનની જે, જીવ કેમ કહાય તે ? ૬૬. –શ્રી સમયસાર**

એકેક ગુણની વર્તમાન ધ્રુવ પર્યાય છે. આ માર્ગને ધાર્યા વિના મોક્ષની પ્રાપ્તિ નથી.

આ દુર્લભ મનુષ્યપણું, તેમાં વીતરાગનું જૈનશાસન અને તેમાં પણ અપૂર્વ સત્ સમજવાનાં ટાણાં આવ્યાં અને આ ટાણે જો મૂળ તત્ત્વ ન પકડે તો જન્મ-મરણના અંત ક્યાં? આ મનુષ્યદેહ અને અપૂર્વ સત્ સમજવાનાં ટાણાં ફરી ફરીને મળવાનાં નથી.

પ્રશ્ન :—નીચલી દશામાં અધૂરી પર્યાય તે શુદ્ધનો અંશ છે અને તે પૂરી થઈને કેવળદશા—પૂર્ણ નિર્મળ દશા પ્રગટ થાય છે તે દશા ધ્રુવમાંથી આવે છે ને?

ઉત્તર :—હા, પર્યાય ધ્રુવના લક્ષે પ્રગટે છે છતાં ધ્રુવ તો ધ્રુવ જ છે. ધ્રુવ તો એકરૂપ ત્રિકાળ ટકે છે, તે ધ્રુવ ઉપર જોર કરતાં ઊણી પર્યાય પૂરી થાય છે, તે પૂર્ણતા ઊણી પર્યાયના કારણે નથી. પારિણામિક તો ત્રિકાળ છે જ. ક્ષાયકભાવ પ્રગટ્યા પછી અનંતકાળ ટકે છે, પણ તે પારિણામિક નથી. કેવળજ્ઞાન પણ એક સમય પૂરતી પર્યાય છે, સમય—સમય કરતાં અનંતકાળ ટકે છે; અને જે સત્ વસ્તુ છે તે કાયમ એકરૂપ રહેનાર છે. ક્ષાયકભાવ કાયમ ટકવાનો અર્થ એવો છે કે ''એવી ને એવી એક સરખી પર્યાય થયા કરે છે;'' વર્તમાન એક જ પર્યાય હોય છે. સિદ્ધદશામાં પણ પર્યાય સમયે સમયે થયા કરે છે; પર્યાય તે અવસ્થારૂપ ધર્મ છે; અને ધ્રુવ છે તે તો ત્રણેકાળ એકરૂપ છે. મન, વાણી, દેહ અને ઈન્દ્રિયોથી પાર એકલો ચૈતન્યદળ તે ધ્રુવવસ્તુ છે. એક સમયમાં, વસ્તુના જેટલા ગુણો હોય તેની દરેકની એકેક અવસ્થા પ્રગટ હોય, અને તે વખતે આખું દ્રવ્ય તો ત્રિકાળ પડ્યું જ છે.

''પારિણામિક' શબ્દ વારંવાર વાપર્યો છે તેનો અર્થ શું? પારિણામિક એટલે સહજ સ્વભાવ. ઉત્પાદ-વ્યય વગરનો ધ્રુવ એકરૂપ કાયમ રહેનાર તે પારિણામિક છે. સિદ્ધદશામાં ક્ષાયકભાવ તે વિશેષતા છે, પારિણામિકભાવ તો બધા જીવોને સામાન્ય હોય છે. સિદ્ધ થયા તેણે પહેલાં લક્ષ ક્યાં માંડ્યું હતું?

કેવળજ્ઞાન કે સિદ્ધદશા તે તો અવસ્થા છે, તે બીજે સમયે બદલી જાય છે, તથા વર્તમાનમાં તો તે છે નહીં તેથી તેના ઉપર લક્ષ ન હોય, જે ત્રિકાળ છે તેના આધારે નવું પ્રગટે છે. જે પર્યાય ચાલી જાય તેના આધારે નવી પર્યાય પ્રગટે નહીં, પણ ધ્રુવ એકરૂપ અવિચળ સ્વભાવના જોરે નિર્મળ પર્યાય પ્રગટે છે.

આત્માના અંતરસ્વરૂપની આ વાત છે, રાગાદિ ભાવ તે વિકારી ક્રિયા છે, તે આત્માના અંતરસ્વરૂપની બહાર છે. જેને આત્માની સ્વતંત્ર સુખદશા જોઈતી હોય તેને

પર્યાપ્ત, અણપર્યાપ્ત, જે સૂક્ષ્મ અને બાદર બધી
કહી જીવસંજ્ઞા દેહને તે સૂત્રમાં વ્યવહારથી. ૬૭. –શ્રી સમયસાર

માટે આ વાત છે. પૈસા વગેરે ધૂળનાં ઢગલામાં કે સ્વર્ગાદિમાં જે સુખ માન્યું છે તે પરાધીનતા છે, તેમાં ખરું સુખ નથી. જેને સ્વાધીન સુખદશા જોઈતી હોય તેને માટે આચાર્ય મહારાજે દર્પણ મૂકી દીધું છે, તેમાં પોતે મોઢું જોવાનું છે. આચાર્યદેવ કહે છે કે—આ કહેવાય છે તેવો જ તું છો. અમે આ જે તત્ત્વ કહીએ છીએ તે તું તારા આત્મામાં જોઈ લેજે. કોઈ બીજું તને બતાવી દે એમ નથી. પૂર્વે તને બધુંય કહ્યું હતું પણ તારાથી ન પકડાય તો કોઈ બીજો સમજાવી શકે નહીં. તું તારાથી સમજણ કર તો થઈ શકે છે. અમે સમજ્યા તે અમારી પાસે રહી ગયું, તારે સમજવું હોય તો તું તારામાં જોઈ લે! આ માર્ગને ધાર્યા વિના—અંતરમાં ટકાવ્યા વિના મોક્ષ નથી. બહારનું તો અનંતવાર કરી ચૂક્યો, ત્યાગી થયો પણ આત્માની ઓળખાણ વગર તેમાં કાંઈ ધર્મનો લાભ થયો નહીં. આત્મસ્વરૂપની દૃષ્ટિના ભાન પછી વિશેષ સ્થિરતામાં રાગ તૂટતાં રાગનાં નિમિત્તો સહેજે છૂટી જાય છે, ત્યાં ક્લેશ ન હોય, અંતરની શાંતિ વધે એનું નામ ધર્મ.

લોકો તો બાહ્ય નિમિત્તમાં રોકાઈ ગયા છે. ભગવાનની પ્રતિમા જુએ તેમાં પણ વાંધા કાઢે કે આંખ નાની છે, શરીરમાં ડાઘ છે વગેરે; પણ એ તો નિમિત્ત છે, પર છે એ ક્યાં તારામાં આવી જાય છે, પણ જગતને તેમાંય વાંધા! જેને અંતર સ્વરૂપની ઓળખાણના વાંધા તેને જગતમાં બધેય વાંધા. વળી કોઈ પ્રતિમાને ઉડાડે કે આત્માના ભાન પછી પ્રતિમા ન હોય, પણ હજી પોતાને દર્શનશુદ્ધિના ભાન વિના દર્શનશુદ્ધિ પછી શું હોય તેની ખબર ક્યાંથી પડી ગઈ? વસ્તુસ્વરૂપને ધાર્યા વિના ત્રણકાળ ત્રણલોકમાં કોઈની મુક્તિ થઈ નથી, થતી નથી, થશે નહીં.

અંતર સ્વરૂપની ઓળખાણ વગર જેનું આત્માને જરાપણ શરણ નથી એવા શરીરને વારંવાર ધોયા કરે—સાફ કર્યા કરે, પણ તે તો માટી છે, તેમાં કે'દી આત્માનો ધર્મ હતો? અંદર ચૈતન્ય આનંદઘન રસકંદ એકરૂપ ધ્રુવ અવિચળ નિર્વિકાર શુદ્ધ ચિદાનંદ પડ્યો છે તેની શ્રદ્ધા કર, તેનું જ્ઞાન કર અને તેમાં જ રમણતા કર. સ્વરૂપની રમણતા થતાં જેટલે અંશે રાગ તૂટ્યો તેટલાં રાગનાં નિમિત્તો પણ છૂટી જ જાય છે, તે સહજ છે. પર્યાયમાં આ રાગ છોડું કે શુદ્ધ થાઉં એ પણ દૃષ્ટિના વિષયમાં નથી. વસ્તુમાં ગ્રહણ—ત્યાગ છે જ નહીં. રાગ તોડી વીતરાગ થાઊં એવું પણ સમ્યગ્દર્શનના લક્ષમાં નથી, છતાં અખંડ એકરૂપ સ્વભાવદૃષ્ટિના જોરમાં રાગ તૂટતો જાય છે અને નિર્મળ પર્યાય વધતી જાય છે, પરંતુ તે નિર્મળ પર્યાય ઉપર સમ્યક્દર્શનનું લક્ષ નથી, સમ્યગ્દર્શનનું લક્ષ તો અખંડ એકરૂપ ધ્રુવ વસ્તુ છે. (જુઓ અનુસંધાન પેજ નં. ૧૫ ઉપર)

**મોહનકરમના ઉદયથી ગુણસ્થાન જે આ વર્ણવ્યાં,**
**તે જીવ કેમ બને, નિરંતર જે અચેતન ભાખિયાં? ૬૮. –શ્રી સમયસાર**

# જિનેન્દ્ર–ભક્તિવંત શ્રાવકોને ધન્ય છે

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

શ્રાવકો ગાઢ જિનભક્તિથી જૈનધર્મને શોભાવે છે. શાંતદશા પામેલા ધર્મીજીવ કેવા હોય ને વીતરાગી દેવ-ગુરુ પ્રત્યેની એની ભક્તિનો ઉલ્લાસ કેવો હોય તેની પણ જીવોને ખબર નથી. ઈન્દ્ર જેવા પણ ભગવાન પ્રત્યે ભક્તિથી કહે છે કે હે નાથ! આ વૈભવવિલાસમાં રહેલું અમારું જીવન એ કાંઈ જીવન નથી, ખરું જીવન તો આપનું છે.....કેવળજ્ઞાન ને અતીન્દ્રિય આનંદમય જીવન આપ જીવી રહ્યા છો.

(શાર્દૂલવિક્રીડિત)

काले दुःखमसंज्ञके जिनपतेधर्मे गते क्षीणतां
तुच्छे सामायिके जने बहुतरे मिथ्यान्धकारे सति।
चैत्ये चैत्यगृहे च भक्तिसहितो यः सोऽपि नो दृश्यते
यस्तत्कारयते यथाविधि पुनर्भव्यः स वंद्यः सताम्॥२१॥

અર્થ :—આ દુખમા નામના પંચમ કાળમાં જિનેન્દ્ર ભગવાન દ્વારા પ્રરૂપિત ધર્મ ક્ષીણ થઈ ગયો છે. આમાં જૈનાગમ અથવા જૈનધર્મનો આશ્રય લેનાર માણસો થોડા અને અજ્ઞાનરૂપ અંધકારનો પ્રચાર ઘણો વધારે છે. એવી અવસ્થામાં જે મનુષ્ય જિનપ્રતિમા અને જિનગૃહના વિષયમાં ભક્તિ રાખતા હોય તે પણ જોવામાં આવતા નથી. છતાં પણ જે ભવ્ય વિધિપૂર્વક ઉક્ત જિનપ્રતિમા અને જિનગૃહનું નિર્માણ કરાવે છે તે સજ્જન પુરુષો દ્વારા વંદનીય છે. ૨૧.

આ દુઃષમકાળમાં જ્યારે જિનેન્દ્રભગવાનનો ધર્મ ક્ષીણ થતો જાય છે, જૈનધર્મના આરાધક ધર્માત્મા જીવો પણ ઘણા થોડા છે અને મિથ્યાત્વઅંધકાર ઘણો ફેલાઈ રહ્યો છે, જિનમંદિર અને જિનપ્રતિમા પ્રત્યે ભક્તિવાળા જીવો પણ બહુ દેખાતા નથી; એવા આ કાળમાં જે જીવ વિધિપૂર્વક જિનમંદિર તથા જિનપ્રતિમા કરાવે છે તે ભવ્યજીવ સજ્જનો વડે વંદ્ય છે.

તીર્થંકર ભગવાન બિરાજતા હોય ત્યાં તો ધર્મની ધીકતી ધારા ચાલતી હોય,

**આત્મા અને આસ્રવ તણો જ્યાં ભેદ જીવ જાણે નહીં,**
**ક્રોધાદિમાં સ્થિતિ ત્યાં લગી અજ્ઞાની એવા જીવની. ૬૯. –શ્રી સમયસાર**

ચક્રવર્તી ને ઈન્દ્રો જેવા એ ધર્મને આરાધતા હોય. પણ અત્યારે તો અહીં જૈનધર્મ ઘણો ઘટી ગયો છે. તીર્થંકરોનો વિરહ, મુનિવરોની પણ દુર્લભતા, ઊંધી માન્યતાને પોષનારા મિથ્યામાર્ગનો પાર નહીં;—આવી વિષમતાના ગંજ વચ્ચે પણ જે જીવ ધર્મનો પ્રેમ ટકાવીને ભક્તિથી જિનમંદિર વગેરે કરાવે છે તે ધન્ય છે. સ્તવનમાં પણ આવે છે કે—

ચૈત્યાલય જો કરેં ધન્ય સો શ્રાવક કહિએ,
તામેં પ્રતિમા ધરેં ધન્ય સો ભી સરદહિયે.

અગાઉ તો ભરતચક્રવર્તી જેવાએ પણ કૈલાસ પર્વત ઉપર ત્રણ ચોવીસી તીર્થંકરોનાં રત્નમય જિનબિંબો સ્થાપ્યાં. બીજા પણ અનેક મોટા મોટા રાજામહારાજાઓ ને ધર્માત્માઓ મહાન જિનમંદિર કરાવતા હતા. જુઓને મૂડબિદ્રિમાં 'ત્રિભુવનતિલકચૂડામણિ' જિનમંદિર કેવડું મોટું છે! જેને એક હજાર તો થાંભલા હતા. વળી મહા કિંમતી રત્નોની ૩૫ મૂર્તિઓ પણ ત્યાં છે, એ પણ ધર્માત્મા શ્રાવકોએ દર્શન માટે કરાવેલી છે. 'શ્રવણબેલગોલા'માં પણ ઈન્દ્રગિરિ પહાડમાં કોતરેલ ૫૭ ફૂટ ઊંચી બાહુબલી ભગવાનની પ્રતિમા કેવી અદ્ભુત છે! અહા, જાણે વીતરાગતાનો પિંડલો! પવિત્રતા અને પુણ્ય બંને એમાં દેખાઈ રહ્યાં છે. એ રીતે શ્રાવકો ઘણી ભક્તિપૂર્વક જિનબિંબ સ્થાપતા ને જિનમંદિર બંધાવતા. અત્યારે તો અહીં અનાર્યવૃત્તિવાળા જીવો ઘણા, ને આર્ય જીવો થોડા, તેમાં પણ જૈનો થોડા. તેમાં પણ ધર્મના જિજ્ઞાસુ ઘણા થોડા, ને તેમાંય ધર્માત્મા ને સાધુઓ તો અત્યંત વિરલા! જો કે તે ત્રણેકાળે વિરલ છે પણ અત્યારે અહીં તો ઘણા વિરલ છે. જ્યાં જુઓ ત્યાં કુદેવ અને મિથ્યાત્વનું જોર ફેલાયેલું છે. આવા કળિકાળમાં પણ જે જીવો ભક્તિપૂર્વક જિનાલય ને જિનબિંબની વિધિપૂર્વક સ્થાપના કરાવે છે તેઓ જિનદેવના ભક્ત, સમ્યગ્દૃષ્ટિ—ધર્મના રુચિવંત છે, ને એવા ધર્મીજીવોની સજ્જનો પ્રશંસા કરે છે.

જુઓ ભાઈ, જિનમાર્ગમાં વીતરાગપ્રતિમા અનાદિની છે. સ્વર્ગમાં શાશ્વત જિનપ્રતિમાઓ છે, નંદીશ્વરમાં છે, મેરુપર્વત ઉપર છે. ૫૦૦ ધનુષના રત્નમય જિનબિંબો એવા અલૌકિક છે

—જાણે કે સાક્ષાત્ તીર્થંકર હોય, ને હમણાં વાણી છૂટશે!! કારતક, ફાગણ ને અષાઢ માસની અષ્ટાહ્નિકામાં ઈન્દ્રો ને દેવો નંદીશ્વર જઈને મહા ભક્તિપૂર્વક દર્શન-

**જીવ વર્તતાં ક્રોધાદિમાં સંચય કરમનો થાય છે,**
**સહુ સર્વદર્શી એ રીતે બંધન કહે છે જીવને. ૭૦. –શ્રી સમયસાર**

પૂજન કરે છે. શાસ્ત્રોમાં અનેક પ્રકારનાં મહા પૂજન કહ્યાં છે—ઈન્દ્રદ્વારા પૂજા થાય તે ઈન્દ્રધ્વજ પૂજા છે, ચક્રવર્તી કિમિચ્છક દાનપૂર્વક રાજાઓની સાથે જે મહાપૂજા કરે છે તેને કલ્પદ્રુમપૂજા કહેવાય છે; અષ્ટાહ્નિકામાં જે વિશેષ પૂજા થાય તેને અષ્ટાહ્નિક પૂજન કહેવાય; મુકુટબદ્ધ રાજાઓ જે પૂજા કરાવે તેને સર્વતોભદ્ર અથવા મહામહપૂજા કહે છે; રોજરોજ શ્રાવક જે પૂજા કરે તે નિત્યમહ પૂજા છે.

ભરતચક્રવર્તી મહાપૂજન કરાવતા તેનું ઘણું વર્ણન આદિપુરાણમાં આવે છે. સૂર્યની અંદર શાશ્વત જિનબિંબ છે; ભરતચક્રવર્તીને ચાક્ષુષ જ્ઞાનનો એટલો તીવ્ર ક્ષયોપશમ હતો કે પોતાના મહેલમાંથી સૂર્યમાં રહેલા જિનબિંબનાં દર્શન કરતા; તે ઉપરથી સવારમાં સૂર્યના દર્શનનો રિવાજ પ્રચલિત થઈ ગયો. લોકો મૂળ વસ્તુને ભૂલી ગયા ને સૂર્યને પૂજવા લાગ્યા. શાસ્ત્રોમાં ઠેરઠેર જિનપ્રતિમાનું વર્ણન આવે છે. અરે, સ્થાનકવાસીના માનેલા આગમોમાં પણ જિનપ્રતિમાનો ઉલ્લેખ આવે છે, પણ તેઓ તેના અર્થ વિપરીત કરે છે. એકવાર સં. ૧૯૭૬માં (પૂ. શ્રીકાનજીસ્વામીએ) એક જૂના સ્થાનકવાસી સાધુને પૂછ્યું કે આ શાસ્ત્રોમાં જિનપ્રતિમાનું વર્ણન આવે છે,—કેમકે 'જિનના શરીરપ્રમાણ ઊંચાઈ'—એવી ઉપમા આપી છે. જો એ પ્રતિમા યક્ષની હોય તો આવી જિનની ઉપમા ન આપે.—ત્યારે તે સ્થાનકવાસી સાધુએ એ વાત સ્વીકારતાં કહ્યું કે તમારી વાત સાચી છે,—છે તો એમ જ. તીર્થંકરની જ પ્રતિમા છે; પણ બહારમાં બોલાય એવું નથી. ત્યારે એમ થઈ ગયેલું કે અરે, આ શું! અંદર કંઈક માને, બહારમાં બીજું કહે;—આવો ભગવાનનો માર્ગ ન હોય. આ જીવોને આત્માની દરકાર નથી, ભગવાનના માર્ગની દરકાર નથી; સત્યનો શોધક જીવ આવા સંપ્રદાયમાં રહી ન શકે. જિનમાર્ગમાં વીતરાગમૂર્તિની પૂજા અનાદિથી ચાલી આવે છે, મોટા મોટા અજ્ઞાનીઓ પણ તેને પૂજે છે. જેણે મૂર્તિનો નિષેધ કર્યો તેણે અનંત જ્ઞાનીઓની આશાતના કરી છે.

શાસ્ત્રમાં તો એવી કથા આવે છે કે જ્યારે મહાવીરભગવાન રાજગૃહીમાં પધાર્યા ને શ્રેણીક રાજા તેમને વંદન કરવા જાય છે ત્યારે એક દેડકું પણ ભક્તિથી મોઢામાં ફૂલ લઈને પ્રભુની પૂજા કરવા જાય છે, રસ્તામાં હાથીના પગ નીચે કચડાઈને મરે છે ને દેવપણે ઊપજીને તરત ભગવાનના સમવસરણમાં આવે છે. ધર્મીજીવ ભગવાનના દર્શન કરતાં સાક્ષાત્ ભગવાનને યાદ કરે છે કે અહો, ભગવાન! અહો સીમંધરનાથ!

**આ જીવ જ્યારે આસ્રવોનું તેમ નિજ આત્મા તણું**
**જાણે વિશેષાંતર, તદા બંધન નહીં તેને થતું. ૭૧.** **–શ્રી સમયસાર**

તમે વિદેહમાં ને હું અહીં ભરતમાં, આપના સાક્ષાત્ દર્શનના મને વિરહ પડ્યા! પ્રભો, એવો અવસર ક્યારે આવે કે આપનો વિરહ તૂટે, એટલે કે રાગ-દ્વેષનો સર્વથા નાશ કરીને આપના જેવો વીતરાગ ક્યારે થાઉં? ધર્મી આવી ભાવના વડે રાગને તોડે છે, એટલે ભગવાનથી તે ક્ષેત્રે દૂર છતાં ભાવેથી નજીક છે. ઈન્દ્ર અને ચક્રવર્તી જેવા પણ ભગવાનને કહે છે કે હે નાથ! આ વૈભવ-વિલાસમાં રહેલું અમારું જીવન એ કાંઈ જીવન નથી, ખરું જીવન તો આપનું છે; આપ કેવળજ્ઞાન ને અતીન્દ્રિય આનંદમય જે જીવન જીવી રહ્યા છો તે જ સાચું જીવન છે. પ્રભો, અમારે પણ એ જ ઉદ્યમ કરવાનો છે. પ્રભો, એ પળને ધન્ય છે કે જ્યારે અમે મુનિ થઈને આપના જેવા કેવળજ્ઞાનને સાધશું.—આવો પુરુષાર્થ નથી ઉપડતો ત્યાં સુધી ધર્મીજીવ શ્રાવકધર્મનું પાલન કરે છે, અને દાન–જિનપૂજા વગેરે કાર્યો વડે તે પોતાના ગૃહસ્થજીવનને સફળ કરે છે.

અત્યારે તો મુનિઓની દુર્લભતા છે; અને મુનિઓ હોય તોપણ તેઓ કાંઈ જિનમંદિર બંધાવવાની કે પુસ્તક છપાવવાની એવી પ્રવૃત્તિમાં પડે નહિ; બહારની કોઈ પ્રવૃત્તિનો ભાર મુનિ પોતાને માથે રાખે નહિ; એવાં કાર્યો તો શ્રાવકો જ કરતા હોય. ઉત્તમ શ્રાવકો ગાઢભક્તિ સહિત જિનમંદિરો બનાવે, પ્રતિષ્ઠા કરાવે, તેની શોભા વધારે, ક્યાં શું જોઈએ ને કઈ રીતે ધર્મની શોભા વધશે–એમ બધું ગાઢભક્તિથી કરે.

ચાલો જિનમંદિરે દર્શન કરવા,

ચાલો પ્રભુની ભક્તિ કરવા,

ચાલો ધર્મના મહોત્સવ ઉજવવા,

ચાલો કોઈ તીર્થની યાત્રા કરવા.

—એમ શ્રાવક-શ્રાવિકા ગાઢભક્તિથી જૈનધર્મને શોભાવે. અહા, શાંતદશા પામેલા ધર્મીજીવ કેવા હોય ને વીતરાગી દેવ-ગુરુ પ્રત્યેની ભક્તિનો એનો ઉલ્લાસ કેવો હોય તેની પણ જીવોને ખબર નથી. આગળના જમાનામાં તો વૃદ્ધો-યુવાનો, બહેનો ને બાળકો બધાય ધર્મના પ્રેમવાળા હતા ને ધર્મ વડે પોતાની શોભા માનતા હતા. એને બદલે અત્યારે તો સીનેમાનો શોખ વધ્યો છે ને સ્વચ્છંદ ફાટ્યો છે. આવા વિષમકાળમાં પણ જે જીવો જિનભક્તિવાળા છે, ધર્મના પ્રેમવાળા છે ને જિનમંદિર વગેરે કરાવે છે એવા શ્રાવકોને ધન્ય છે.

**અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોનાં જાણીને,**
**વળી જાણીને દુખકારણો, એથી નિવર્તન જીવ કરે. ૭૨. –શ્રી સમયસાર**



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

**૫૧. અસ્તિ** : જો અસ્તિત્વગુણ ન હો. તો આત્મા પરરૂપ થઈ જાત, ને તો આત્માની નાસ્તિ થઈ જાત, પણ એમ હોતું નથી. અસ્તિગુણથી પોતે સદાય ટકી રહ્યો છે.

**૫૨. નાસ્તિ** : જો નાસ્તિગુણ ન હોય તો શરીરાદિ જડનું હોવાપણું આત્મામાં થઈ જાત, પણ એમ બનતું નથી. પરરૂપે હોવાનો ગુણ આત્મામાં સદાય છે.

**૫૩. સાકાર** : જો સાકાર ગુણ ન હોય તો આત્માના ક્ષેત્રની પહોળાઈ અથવા અવગાહનું ક્ષેત્ર ન હોત. આત્મા શરીરપ્રમાણે સાકાર છે.

**૫૪. નિરાકાર** : પરનો આકાર આત્મામાં નથી. શરીર, કર્મનો આકાર આત્મામાં નથી, માટે આત્મા નિરાકાર છે. જો તે ગુણ ન હોય તો પરનો આકાર ધારી આત્મા પરરૂપ થઈ જાત ને સ્વનો આકાર રહેત નહિ, પણ એમ બનતું નથી.

**૫૫. અચલ** : જો આ ગુણ ન હોય તો આત્મા સદાય ચલ રહ્યા કરે—પણ એમ બનતું નથી. અચલ ગુણને લીધે આત્મા સદાય અચલ છે.

**૫૬. ઊર્ધ્વગમન** : આત્મામાં ઊર્ધ્વગમન સ્વભાવ છે, તેથી સિદ્ધદશા થતાં એક જ સમયમાં લોકાગ્રે પહોંચી જાય છે. પરમાણુ ઉપર ગયા પછી નીચે આવે પણ સિદ્ધો નીચે આવતા નથી. જીવમાં ઊર્ધ્વગમનસ્વભાવ ત્રિકાળ છે, પણ પરમાનંદદશા થતાં ઊંચે જાય છે. જેમ અગ્નિની શિખા તથા ધૂમાડો ઊંચે જાય છે તેમ સિદ્ધ ઉપર જાય છે.

ચૌદ બ્રહ્માંડની ઉપર સિદ્ધ ભગવાન બિરાજે છે, માટે તેમનું ઉચ્ચપદ પીછાની શકાય છે. ઊર્ધ્વગમન સ્વભાવની ઉચ્ચતા પોતાને લીધે છે, તેમાં ઉચ્ચતા છે તો જ્ઞાન જાણે છે—એમ નથી તથા જ્ઞાનને લીધે તેની ઉચ્ચતા નથી, ઉચ્ચતા ઊર્ધ્વગમન સ્વભાવના કારણે છે.

આત્મામાં આવા અનંતા ગુણો છે. ધર્મનો કરનાર આવા વિશેષણો વિચારી આત્માની શ્રદ્ધા કરે છે ને અનુભવ કરે છે.

**છું એક, શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું;**
**એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું. ૭૩. –શ્રી સમયસાર**

હવે પોતાનું જ્ઞાન કેવી રીતે થાય છે તે કહીએ છીએ. આત્માને અનુભવવો હોય તેણે શું કરવું ? પ્રથમ આત્મા સિવાય શરીર, મન, વાણી વગેરે પરપદાર્થો તે હું ને તે મારા છે—એવી ભ્રાંતિનો ભાવ આત્માના અવલંબને સર્વથા નાશ કરવો જોઈએ. તે વિના મિથ્યાત્વનો ત્યાગ થતો નથી.

આત્મા સ્વ છે, તે સિવાય બધા પર છે. પરને પોતાના માનવારૂપ અહંકાર–મમકારબુદ્ધિ નાશ કરવી, પછી ચારિત્રદોષનો નાશ કરે. નબળાઈને લીધે રાગ થતો હોય તે સ્વભાવના આશ્રયે નાશ પામે છે. પ્રથમ મિથ્યાશ્રદ્ધા નાશ થાય ને પછી અસ્થિરતાના રાગનો નાશ થાય.

જ્યારે પરપદાર્થનો રાગભાવ મટે ત્યારે પૂર્ણાનંદને પામે. જ્ઞાનમૂર્તિ આત્મામાં પરનો પ્રવેશ નથી. દયાદાનાદિ વિકલ્પ પર છે. તેનો અભાવ થતાં સ્વસંવેદનરૂપ નિજજ્ઞાન થાય. પોતાની જાણ કેવી રીતે થાય તે બતાવે છે. પ્રથમ સાંભળે, વિચારે ને પછી શ્રદ્ધા થાય. જે જ્ઞાન પર્યાયમાં કે રાગમાં લાભ માની અટકે તે ભ્રાંતિનો દોષ છે ને ભ્રાંતિ વિના અટકે તે ચારિત્રદોષ છે. તે બંનેનો જ્ઞાનમાં પ્રવેશ નથી, એમ નક્કી થતાં સ્વસંવેદનરૂપ નિજજ્ઞાન પ્રગટ થાય.

હવે પોતાથી વાત કરે છે. દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચાર કરી નિજપદને જાણે એ એક જ રીત છે, પણ બીજી કોઈ રીતે નિજપદને જાણે નહિ.

## પ્રવચન-૭

ધર્મની નિશ્ચય ક્રિયાને અનુભવપ્રકાશ કહે છે. આત્મા કઈ રીતે જણાય તેનો ઉત્તર આપે છે. અનંતકાળથી આત્માનો અનુભવ નથી, પણ રાગદ્વેષનો અનુભવ છે. રાગદ્વેષનો અનુભવ તે સંસાર છે ને નિત્યાનંદસ્વરૂપ આત્માનો અનુભવ તે મોક્ષદશા છે.

પોતાને સ્વરૂપજ્ઞાન અને અનાકુળ શાંતિનું વેદન કઈ રીતે થાય તે બતાવે છે. તેની વિધિ જાણવી જોઈએ ને તેમ કરનારને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું જ્ઞાન પ્રથમ હોવું જોઈએ.

આત્મા પોતાની સત્તાની સંભાળ કરતાં પરપદાર્થો તે જ હું છું એવી મિથ્યાભ્રાંતિનો નાશ કરે. રાગ-દોષાદિ છે તે નિમિત્તના લક્ષે થતા ઉપાધિભાવ છે. સ્વભાવની પ્રતીતિ કરી મિથ્યાભ્રાંતિનો નાશ કરે, પછી સ્વરૂપમાં લીનતા વધતાં વધતાં

**આ સર્વ જીવનિબદ્ધ, અધ્રુવ, શરણહીન, અનિત્ય છે,**
**એ દુઃખ, દુખફળ જાણીને એનાથી જીવ પાછો વળે. ૭૪. –શ્રી સમયસાર**

રાગનો ક્રમે કરી નાશ થાય, બંનેનો કાળ એક જ છે, પણ ક્રમથી સમજાવે છે.

આત્મા જાણનાર-દેખનાર છે, તેમાં પર પ્રવેશનો અભાવ થતાં સ્વસંવેદન થાય પર પ્રવેશ અર્થાત્ રાગાદિનો અભાવ એમ કહ્યું તે નાસ્તિથી કહ્યું, નિત્યાનંદ ધ્રુવ સ્વભાવમાં પુણ્ય-પાપની લાગણીનો પ્રવેશ નથી. ભગવાન આત્મા જ્ઞાન ને આનંદસ્વરૂપ છે તેવી અંતર્મુખ એકાગ્રતા કરતાં આનંદ પ્રગટ થાય છે.

તીર્થંકર ભગવાન તથા ગુરુ આ કહેવા માગે છે. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે. વીતરાગતા કેમ થાય ? સ્વસંવેદનથી વીતરાગતા થાય, આ સિવાય બીજી વિધિ કહી હોય તો તે નિમિત્તનું કથન છે. આવું બતાવનારા ગુરુ અને શાસ્ત્ર એમ જ કહે છે ને સર્વજ્ઞની વાણીમાં એમ જ આવેલ છે.

પોતે ત્રિકાળી શક્તિવાન છે, ગુણ=ત્રિકાળી શક્તિ ને પર્યાય=વર્તમાન દશા— આમ દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચાર વડે નિજપદ જાણે. નિમિત્ત વડે કે રાગ વડે જાણે એમ કહ્યું નથી. એમ નિજપદ જાણવાની વિધિ બતાવેલ છે. અથવા ઉપયોગમાં જાણરૂપ વસ્તુને જાણે, અંતરમાં જાણવા–દેખવાનો વ્યાપાર થાય તે દ્વારા વસ્તુને જાણે, નિજસ્વરૂપને જાણવાની આ કળા છે. આનું નામ ધર્મ છે. ચાલતી પર્યાયમાં જાણરૂપ વસ્તુને જાણે. જાણનાર સ્વભાવ નિત્યાનંદ પદાર્થ છે. પર્યાયનો આધાર અથવા નાથ આત્મા છે. નવી નવી પર્યાય થાય તેનો સંચાલક આત્મા છે એમ જાણે.

શું જાણે ? હવે વિસ્તારથી કહે છે. મારું સ્વરૂપ અનંત મહિમાના ભંડારરૂપ છે. મુનિઓએ, સંતોએ ને શાસ્ત્રોએ મારો મહિમા ગાયો છે. અનંત જ્ઞાન-દર્શન-વીર્ય-ચારિત્ર દશા પ્રગટે તેવો મારો આત્મા છે.

વળી આત્મા સારરૂપ છે, જાણક સ્વભાવ અનંત ગુણોના ભંડારરૂપ છે,—એમ તે તરફનો ભાવ કરે તેને અનુભવ થાય. શરીર, મન, વાણી મારી ચીજ નથી, મારું સ્વરૂપ અવિકારી છે. પુણ્ય-પાપની લાગણી પર્યાયમાં થાય છે તે અંતરસ્વરૂપમાં નથી એમ સમ્યક્ વિચાર કરવો તે અનુભવદશાનું કારણ છે.

વળી સ્વભાવ અપાર છે, અનંતી શક્તિની અનંત પર્યાયો વહે તોપણ શક્તિઓ ખૂટતી નથી. તેવી શક્તિઓથી આત્મા શોભિત છે. એવો ભાવ જ્ઞાનાનંદ સ્વરૂપની પ્રતીતિમાં કરે.

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૯ ઉપર)

**પરિણામ કર્મ તણું અને નોકર્મનું પરિણામ જે**
**તે નવ કરે જે, માત્ર જાણે, તે જ આત્મા જ્ઞાની છે. ૭૫. –શ્રી સમયસાર**

# સમ્યગ્દર્શનની રીત

(૭) અરિહંત જેવા પોતાના આત્માને પહેલાં તો જીવ મન વડે કળી લે છે. હું ચેતન જાણનાર-દેખનાર છું, ને આ જાણવાનો પર્યાય થાય છે તે હું છું, જે રાગાદિ થાય છે તે મારા જ્ઞાનનું સ્વરૂપ નથી.—એમ સ્વસન્મુખ થઈને મન દ્વારા પોતાના આત્માને જેણે જાણ્યો તે જીવ આત્માના સમ્યગ્દર્શનના આંગણામાં આવ્યો છે. કોઈ બહારના પદાર્થથી આત્માને ઓળખવો તે અજ્ઞાન છે. લખપતિ કે કરોડપતિ આત્મા નથી, લક્ષ્મી તો જડ છે તેનો સ્વામી આત્મા નથી. આત્મા તો અનંતપતિ છે, પોતાના અનંત ગુણોનો સ્વામી છે. ભગવાન અરિહંતને તેરમા ગુણસ્થાને જે કેવળજ્ઞાનાદિ દશા પ્રગટી તે બધું મારું સ્વરૂપ છે, ને ભગવાનને રાગ-દ્વેષ તથા અધૂરું જ્ઞાન ટળી ગયા તે આત્માનું સ્વરૂપ ન હતું તેથી જ ટળી ગયા, માટે તે રાગાદિ મારા સ્વરૂપમાં પણ નથી. મારા સ્વરૂપમાં રાગ-દ્વેષ—આસ્રવ નથી, આત્માની પૂર્ણ નિર્મળ રાગ રહિત પરિણતિ તે જ મારા પર્યાયનું સ્વરૂપ છે, અપૂર્ણતા નથી. આટલું સમજ્યો ત્યારે જીવ સમ્યગ્દર્શન માટે પાત્ર થયો છે. આટલું સમજનારને મોહભાવ મંદ પડી ગયો છે, ને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની માન્યતા તો છૂટી જ ગઈ છે.

(૮) ત્રણલોકના નાથ શ્રી તીર્થંકર ભગવાન કહે છે કે મારો અને તારો આત્મા એક જ જાતનો છે, બંનેની એક જ નાત છે. જેવો મારો સ્વભાવ છે તેવો તારો સ્વભાવ છે. કેવળજ્ઞાનદશા પ્રગટી તે બહારથી પ્રગટી નથી પણ આત્મામાં શક્તિ છે તેમાંથી જ પ્રગટી છે. તારા આત્મામાં પણ તેવી જ પરિપૂર્ણ શક્તિ છે. અરિહંત જેવી પોતાના આત્માની શક્તિ છે તેને જે જીવ ઓળખે તે પોતાના સ્વભાવની સન્મુખ થઈને મોહનો નાશ કર્યા વગર રહે નહિ.

જેમ મોરના નાના ઈંડામાં સાડાત્રણ હાથનો મોર થવાનો સ્વભાવ પડ્યો છે, તેથી તેમાંથી મોર થાય છે. મોર થવાની શક્તિ ઢેલમાંથી આવી નથી તેમજ ઈંડાના ઉપલા ફોતરામાંથી પણ આવી નથી પણ ઈંડાની અંદરના રસમાં તે શક્તિ છે. તેમ આત્મામાં કેવળજ્ઞાન પ્રગટવાની શક્તિ છે, તેમાંથી કેવળજ્ઞાન ખીલે છે. શરીર-મન-વાણી કે દેવ-ગુરુ-શાસ્ત્ર તો (ઢેલની જેમ) પરવસ્તુ છે, તેમાંથી કેવળજ્ઞાન પ્રગટવાની

વિધવિધ પુદ્‌ગલકર્મને જ્ઞાની જરૂર જાણે ભલે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૬. —શ્રી સમયસાર

શક્તિ આવી નથી. અને પુણ્ય-પાપના ભાવો તે ઉપલા ફોતરાં જેવા છે, તેમાં કેવળજ્ઞાન થવાની તાકાત નથી. અરિહંત જેવો આત્માનો સ્વભાવ છે, તે શરીર-મન-વાણીથી તથા પુણ્ય-પાપથી રહિત છે, તે સ્વભાવમાં કેવળજ્ઞાન પ્રગટવાની તાકાત છે. જેમ મોટા મોટા ઝેરી સર્પોને ગળી જાય તેવો મોર થવાની શક્તિ ઇંડામાં છે, તેમ મિથ્યાત્વ વગેરેનો નાશ કરીને કેવળજ્ઞાન પામે તેવી શક્તિ દરેક આત્મામાં છે. ચેતનદ્રવ્ય, ચૈતન્યગુણ અને જાણવા-દેખવારૂપ પર્યાય—તેનો પિંડ આત્મા છે, તેનો સ્વભાવ મિથ્યાત્વને ટકાવવાનો નથી પણ મિથ્યાત્વને ગળી જવાનો—નષ્ટ કરવાનો તેનો સ્વભાવ છે. એવા સ્વભાવને ઓળખે તેને મિથ્યાત્વનો ક્ષય થયા વિના રહે નહિ. પરંતુ જેમ 'ઇંડામાં મોર કેમ હોય ?' એવી શંકા કરીને ઇંડાને ખખડાવે તો તેનો રસ સૂકાઈ જાય છે ને મોર થતો નથી, તેમ આત્માના સ્વભાવ—સામર્થ્યનો વિશ્વાસ કરે નહિ અને 'અત્યારે આત્મા ભગવાન જેવો કેમ હોય ?' એમ સ્વભાવમાં શંકા કરે તો તેને સમ્યગ્દર્શન થતું નથી, ને મોહ ટળતો નથી, સમ્યગ્દર્શન વગર કદી ધર્મ થતો નથી.

(૯) હવે મોરના નાના ઇંડામાં મોર થવાનો સ્વભાવ છે તે સ્વભાવ કઈ રીતે જણાય ? તે સ્વભાવ કોઈ ઇન્દ્રિયોથી જણાતો નથી; તેમ આત્મામાં કેવળજ્ઞાન થવાનો સ્વભાવ છે; તે સ્વભાવ કાનથી, આંખથી, નાકથી, જીભથી કે સ્પર્શથી જણાતો નથી, મન દ્વારા કે રાગ દ્વારા પણ ખરેખર તે સ્વભાવ જણાતો નથી; ઇન્દ્રિય અને મનનું અવલંબન છોડીને સ્વભાવ તરફ વળે તે અતીન્દ્રિયજ્ઞાનથી જ આત્મસ્વભાવ જણાય છે. અહીં 'મન દ્વારા આત્માને કળી લે છે' એમ કહ્યું છે, ત્યાં સુધી હજી સમ્યગ્દર્શન થયું નથી, હજી તો રાગવાળું જ્ઞાન છે. મનનું અવલંબન છોડીને અભેદસ્વભાવને સીધા જ્ઞાનથી લક્ષમાં લ્યે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન કેમ થાય તેની આ રીત છે.

(૧૦) જેમ દીવાસળીના ટોપકામાં ભડકો થવાનો સ્વભાવ છે, —તે આંખ, કાન વગેરે કોઈ ઇન્દ્રિઓથી જણાતો નથી પણ જ્ઞાન દ્વારા જ જણાય છે. પહેલાં દીવાસળીના ટોપકામાં ભડકો થવાની તાકાત છે—એમ તેના સ્વભાવનો વિશ્વાસ કરીને પછી તે ટોપકાવાળા ભાગને ઘસતાં ભડકો થાય છે. તેમ આત્મામાં કેવળજ્ઞાન પ્રગટે તેવો સ્વભાવ છે. તે સ્વભાવ કોઈ ઇન્દ્રિયો દ્વારા દેખાતો નથી, પણ અતીન્દ્રિય જ્ઞાનથી જ જણાય છે. પહેલાં પરિપૂર્ણ સ્વભાવનો વિશ્વાસ કરીને પછી તેમાં એકાગ્રતારૂપી ઘસારો કરતાં કેવળજ્ઞાનજ્યોત પ્રગટે છે. શરીર-મન-વાણી તો દીવાસળીના ખોખાં જેવાં છે;

**વિધવિધ નિજ પરિણામને જ્ઞાની જરૂર જાણે ભલે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૭. –શ્રી સમયસાર**

જેમ દીવાસળીના ખોખામાં ભડકો થવાની તાકાત નથી, તેમ તે શરીરાદિમાં કેવળજ્ઞાન થવાની તાકાત નથી, અને પૂજા-ભક્તિ આદિ પુણ્યભાવ કે હિંસા-ચોરી આદિ પાપભાવ તે દીવાસળીમાં પાછલા ભાગ જેવા છે. જેમ દીવાસળીના ટોપકા વગરના પાછલા ભાગમાં ભડકો થવાની તાાકત નથી તેમ તે ક્રિયામાં કે પુણ્ય-પાપમાં સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાન થવાની તાકાત નથી. તો તે તાકાત શેમાં છે ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને કેવળજ્ઞાન થવાની તાકાત ચૈતન્યસ્વભાવમાં છે. પહેલાં તે સ્વભાવની પ્રતીત કરતાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે, ને પછી તેમાં એકાગ્રતા કરતાં સમ્યક્ચારિત્ર અને કેવળજ્ઞાન થાય છે એ સિવાય બીજી રીતે ધર્મ થતો નથી. પુણ્ય-પાપ સિવાયનો ત્રિકાળી ચૈતન્યરૂપ આત્મસ્વભાવ છે, તેની પ્રતીતિ અને અનુભવ કરે તો સમ્યગ્દર્શનરૂપ પહેલો ધર્મ થાય, અને પછી તેમાં એકાગ્રતા કરતાં સમ્યક્ચારિત્રરૂપ ધર્મ થાય. સમ્યગ્દર્શન વગર ગમે તેટલું કરે તોપણ તે ધર્મ ન ગણાય, અને તે કરતાં-કરતાં ધર્મ થાય નહિ. સમ્યગ્દર્શન થયા પહેલાં શું કરવું ? કે અરિહંત ભગવાનના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે અને તેના જેવો પોતાનો આત્મા છે એમ નક્કી કરીને તેના અનુભવનો અભ્યાસ કરે તો તેને ધર્મસન્મુખ કહેવાય, તે જીવ ધર્મના આંગણે આવ્યો છે. (ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૫ થી ચાલુ)

ભગવાન આત્મા સદાય પરિપૂર્ણ સ્વભાવે ભર્યો છે. આત્માના ગુણો જાય ક્યાં? આત્મામાં જ ભર્યા છે, પણ તેને પોતાની શ્રદ્ધા બેસતી નથી, એ જ સંસારનું કારણ છે; જેમ મૃગની ડૂંટીમાં કસ્તુરી હોય તેની સુગંધ આવતાં તે મૃગ જાણે કે આ સુગંધ ક્યાંથી આવતી હશે! એમ વિચારીને તે બહારમાં દોટ મૂકે છે, ખરેખર તો પોતાનામાંથી જ સુગંધ આવે છે પણ મૃગને પોતાની કસ્તુરીનો વિશ્વાસ નથી, તેને એમ બેસી ગયું છે કે "હું આવું ક્ષુદ્ર પ્રાણી અને મારામાં આવી ઊંચી સુગંધ કેમ હોઈ શકે!" બસ! પોતાના સામર્થ્યનો અવિશ્વાસ એ જ તેને દુઃખનું કારણ થાય છે; તેમ આચાર્યદેવ કહે છે કે– "અરે પ્રભુ! તું ત્રણલોકનો નાથ છો, સિદ્ધ છો, તારું સુખ તારામાં ભરચક પડ્યું છે, તારે પરની જરૂર નથી." તે વાત અજ્ઞાનીને બેસતી નથી, કારણ કે અનાદિથી "મારે પરવસ્તુ વગર ચાલે નહીં" એમ માની બેઠો છે, તે માન્યતા જ તેને પોતાનો વિશ્વાસ થવા દેતી નથી. (ક્રમશઃ) ❊

પુદ્‌ગલકરમનું ફળ અનંતું જ્ઞાની જીવ જાણે ભલે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૮. –શ્રી સમયસાર

# શ્રાવકનાં ૨૧ ગુણો

**(૧૧) શિષ્ટ-પક્ષી** : સત્ય અને સદાચારનો પક્ષ કરનાર હોય. લૌકિક પ્રયોજન ખાતર, માનથી કે ભયથી પણ સત્યધર્મને કે ન્યાય-નીતિને છોડે નહિં. જ્યાં ધર્મ હોય, સત્ય હોય, ન્યાય હોય, તેનો પક્ષ કરે.

**(૧૨) મિષ્ટભાષી** : જેમાં સ્વ-પરનું હિત હોય એવી મધુરી વાણી બોલે. જેનાથી પોતાને કષાય થાય ને સામાનું દિલ દુભાય એવી કડવી કઠોર ભાષા ન બોલે. શાંતિથી મધુરતાથી, કોમળતાથી સત્ય અને હિતની વાત કરે. સત્ય વાત પણ કઠોરતાથી ન કહે; 'દો દિનકે મહેમાન, બોલી બિગાડે કૌનસો ?'

**(૧૩) દીર્ઘવિચારી** : દેશ-કાળનો વિચાર કરીને, પોતાના પરિણામનો તથા શક્તિનો વિચાર કરીને, અને સ્વ-પરના હિતનો વિચાર કરીને યોગ્ય પ્રવૃત્તિ કરે. જગતની દેખા-દેખીથી વગર વિચાર્યે જ્યાં-ત્યાં ન ઝંપલાવે. જેનાથી વર્તમાનમાં ને ભવિષ્યમાં પોતાને શાંતિ રહે, તેમજ ધર્મની શોભા વધે એવી પ્રવૃત્તિ વિચારપૂર્વક કરે.

**(૧૪) વિશેષજ્ઞ** : સંઘની સ્થિતિ, દેશ-કાળની સ્થિતિ વગેરેનો જાણકાર હોય, ધર્મમાં કે ગૃહવ્યવહારમાં ક્યારે એવી પરિસ્થિતિ થશે, કેવી જરૂર પડશે—તેનો જાણકાર હોય, ને તેનો યોગ્ય ઉપાય કરે.

**(૧૫) રસજ્ઞ** : રસ એટલે તાત્પર્ય; શાસ્ત્રાભ્યાસ વગેરેમાં તેના શાંતરસ રૂપ સાચા રહસ્યને જાણતો હોય; તેણે ધર્મનો મર્મ જાણીને શાંતરસને તો ચાખ્યો છે, તેથી તે પરમાર્થનો રસજ્ઞ છે; તેમજ વ્યવહારમાં પણ કરુણારસ, રૌદ્રરસ વગેરે યથાયોગ્ય જાણે છે.

**(૧૬) કૃતજ્ઞ** : અહો, દેવ-ગુરુ-ધર્મના પરમ ઉપકારની તો શી વાત ! એનો તો બદલો વળે તેમ નથી; તેમના માટે જે કરું તે ઓછું એમ મહાન ઉપકારબુદ્ધિથી દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે વર્તે. તેમજ સાધર્મીજનોના ઉપકારને કે અન્ય સજ્જનોના ઉપકારને પણ ભૂલે નહીં; ઉપકારને યાદ કરીને તેમની યોગ્ય સેવા ચાકરી કરે. પોતે કરેલા ઉપકારને યાદ ન કરે, તેમજ બદલાની આશા ન રાખે.

**એ રીત પુદ્‌ગલદ્રવ્ય તે પણ નિજ ભાવે પરિણમે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૯. –શ્રી સમયસાર**

(૧૭) **તત્ત્વજ્ઞ** : તત્ત્વનો જાણકાર હોય; જૈનધર્મના મુખ્ય તત્ત્વ શું છે ? તેને બરાબર સમજીને તેના પ્રચારની ભાવના કરે. બુદ્ધિઅનુસાર કરુણાનુયોગ વગેરે સૂક્ષ્મતત્ત્વોનો પણ અભ્યાસ કરે. ધર્મી શ્રાવક આત્મતત્ત્વને તો જાણે છે, તે ઉપરાંત જૈનશાસ્ત્રોના અગાધ ગંભીર શ્રુતજ્ઞાનમાં કહેલાં તત્ત્વોને પણ વિશેષપણે જાણે છે. વિપરીત જીવોમાં ક્યા તત્ત્વની વિપરીતતા છે તે પણ જાણીને દૂર કરવા પ્રયત્ન કરે છે.

(૧૮) **ધર્મજ્ઞ** : ધર્મનો જાણનાર હોય; ક્યાં નિશ્ચયધર્મની પ્રધાનતા છે, ક્યાં વ્યવહારધર્મની પ્રધાનતાથી વર્તવું યોગ્ય છે ! એમ ધર્મના બધા પડખા જાણીને શાસનને શોભે તેવું વર્તન કરે. શ્રાવકનો ધર્મ શું ? મુનિનો ધર્મ શું ? ધર્મમાં, તીર્થોમાં, શાસ્ત્રાદિમાં કે સાધર્મીમાં ક્યારે શેની જરૂર છે ? તે સંબંધી શ્રાવકને જાણકારી હોય.

(૧૯) **દીનતારહિત, તેમજ અભિમાન રહિત એવો મધ્યસ્થ-વ્યવહારી** : ધર્મનું ગૌરવ સચવાય, તેમજ પોતાને અભિમાનાદિ ન થાય—એ રીતે મધ્યસ્થ વ્યવહારથી વર્તે, વ્યવહારમાં જ્યાં ત્યાં દીન પણ ન થઈ જાય; રોગાદિ—પ્રસંગ હોય, દરિદ્રતાદિ હોય તેથી ગભરાઈને એવો દીન ન થાય કે જેથી ધર્મની અવહેલના થાય ! અરે, હું પંચપરમેષ્ઠીનો ભક્ત, મારે દુનિયામાં દીનતા કેવી ? તેમજ દેવ-ગુરુ-ધર્મના પ્રસંગમાં, સાધર્મીના પ્રસંગમાં અભિમાન રહિત નમ્રપણે પ્રેમથી વર્તે. સાધર્મીની સેવામાં કે નાના સાધર્મી સાથે હળવા-મળવામાં હીણપ ન માને. એ રીતે દીન નહિ તેમજ અભિમાની નહિ એવો મધ્યસ્થ-વ્યવહારી શ્રાવક હોય.

(૨૦) **સહજ વિનયવંત** : વિનયનો પ્રસંગ હોય ત્યાં તેને સહેજ વિનય આવે. દેવ-ગુરુનો પ્રસંગ, સાધર્મીનો પ્રસંગ, વડિલોનો પ્રસંગ, તેમાં યોગ્ય વિનયથી વર્તે. સમ્યક્ત્વાદિ ગુણીજનોને દેખતાં પ્રસન્નતાથી વિનય-બહુમાન-પ્રશંસા કરે. કોઈ પ્રત્યે ઈર્ષાભાવ ન રાખે. શાસ્ત્ર પ્રત્યે, ધર્મસ્થાનો પ્રત્યે તેમજ લોકવ્યવહારમાં પણ વિનય-વિવેકથી યોગ્ય રીતે વર્તે; કોઈ પ્રત્યે અપમાન કે તિરસ્કારથી ન વર્તે.

(૨૧) **પાપક્રિયાથી રહિત** : કુદેવ કુધર્મના સેવનરૂપ મિથ્યાત્વાદિ પાપને તેમજ

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૯ ઉપર)

**જીવભાવહેતુ પામી પુદ્‌ગલ કર્મરૂપે પરિણમે;**
**એવી રીતે પુદ્‌ગલકરમનિમિત્ત જીવ પણ પરિણમે. ૮૦. –શ્રી સમયસાર**

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—પરલક્ષી જ્ઞાનથી આત્મા જણાય નહીં ને અનાદિ મિથ્યાદષ્ટિને સ્વલક્ષી જ્ઞાન નથી તો સાધન શું ?

ઉત્તર :—રાગથી ભિન્ન પડવું તે સાધન છે, પ્રજ્ઞાછીણીને સાધન કહો કે અનુભૂતિને સાધન કહો, તે એક જ સાધન છે.

પ્રશ્ન :—રાગને આત્માની સૂક્ષ્મ સંધિ દેખાતી નથી, બીજા વિચારો આવ્યા કરે છે તો પ્રજ્ઞાછીણી કેમ મારવી ?

ઉત્તર :—પોતે ઊંધો પુરુષાર્થ કરે છે તેથી બીજા વિચારો આવ્યા કરે છે. પુરુષાર્થ કરીને ઉપયોગને સ્વભાવ સન્મુખ સૂક્ષ્મ કરે તો આત્મા અને બંધની સંધિ દેખાય અને જુદા પાડી શકે છે.

પ્રશ્ન :—આત્મા અને બંધને જુદા કરવાનું સાધન શું ?

ઉત્તર :—આત્મા અને બંધને જુદા પાડવામાં ભગવતીપ્રજ્ઞા જ એક સાધન છે. ભગવાનની ભક્તિ કરવી, પૂજા કરવી, પઠન-પાઠન, વ્રત-તપ આદિ કરવા એ કોઈ સાધન નથી. ભક્તિ-વ્રત-તપ આદિના રાગથી જુદા પાડવામાં પ્રજ્ઞા જ એક સાધન છે. રાગથી ભિન્ન સ્વભાવ સન્મુખ ઝુકાવ કરવો, સ્વભાવ સન્મુખ એકાગ્રતા કરવી, ઢળવું એ જ એક સાધન છે. રાગથી જુદા પડવામાં જ્ઞાન સિવાય બીજું કોઈ સાધન છે જ નહિ.

પ્રશ્ન :—એમ છે કે આત્મા લખી શકતો નથી એવું જ્ઞાનીને ભાન હોવા છતાં 'હું લખું' એવો વિકલ્પ તેને કેમ ઊઠે છે ? જે થતું જ ન હોય તેનો વિકલ્પ કેમ ઊઠે ? આકાશના ફૂલને ચૂંટવાનો કે વંધ્યાસુતને મારવાનો ભાવ કદી જ્ઞાની કે અજ્ઞાનીને આવતો નથી. જેમ આકાશનું ફૂલ અને વંધ્યાસુત અસત્ છે, તેથી તે વિકલ્પ ઊઠતો નથી તેમ લખવાની ક્રિયા આત્મા કરી જ શકતો નથી—એમ જ્ઞાની જાણે છે છતાં તેને લખવાનો ભાવ કેમ થાય છે ?

> જીવ કર્મગુણ કરતો નથી, નહિ જીવગુણ કર્મો કરે;
> અન્યોન્યના નિમિત્તથી પરિણામ બેઉ તણા બને. ૮૧.　　—શ્રી સમયસાર

ઉત્તર :—જ્ઞાનીના અંતરમાં જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન વર્તે છે. તેમને રાગની પણ કર્તૃત્વબુદ્ધિ નથી, તો પછી દેહાદિની ક્રિયા કે લખવું વગેરે ક્રિયાની કર્તૃત્વબુદ્ધિ તેમને હોય જ ક્યાંથી? જ્ઞાનને અને રાગને જુદા ઓળખ્યા વગર, જ્ઞાનીનું અંતર શું કાર્ય કરી રહ્યું છે તેની ખબર અજ્ઞાનીને પડે નહીં. માટે પહેલાં જ્ઞાનસ્વભાવને અને રાગાદિને ભેદજ્ઞાન વડે ભિન્ન જાણવા જોઈએ. એ જાણ્યા પછી 'જ્ઞાનીને લખવા વગેરેનો વિકલ્પ કેમ ઊઠે છે' એ પ્રશ્ન જ નહિ રહે. જ્ઞાનીને દૃષ્ટિ જ પર ઉપરથી અને રાગ ઉપરથી છૂટી ગઈ છે, તેથી તેમને અસ્થિરતાના અલ્પ રાગમાં એવું જોર નથી આવતું કે જેથી કર્તૃત્વબુદ્ધિ થાય. ખરેખર 'હું આમ કરું' એવી ભાવના નથી પણ 'હું જાણું' એવી જ ભાવના છે. પોતાને ત્રણકાળનું જ્ઞાન વર્તમાનમાં નથી અને હજી રાગની લાયકાત ટળી નથી તેથી વિકલ્પ ઊઠ્યો છે, પણ જ્ઞાની તે વિકલ્પના અને પરની ક્રિયાના જાણનાર જ છે. રાગનો વિકલ્પ થાય છે તે પરાશ્રયે થાય છે અને રાગના અનેક પ્રકાર છે. ભિન્ન-ભિન્ન પ્રકારના રાગ વખતે ભિન્ન ભિન્ન પરદ્રવ્યનો આશ્રય હોય છે. જ્યારે બોલવા કે લખવાના લક્ષે રાગ થયો ત્યારે એવો વિકલ્પ થયો કે 'હું બોલું, હું લખું.' પરાશ્રિત રાગમાં એ પ્રમાણે વિકલ્પ ઊઠે છે, પણ જ્ઞાનમાં એવી માન્યતા નથી કે હું બોલી કે લખી શકું છું. આમાં તો એમ સિદ્ધ થાય છે કે રાગ તે આત્માનો સ્વભાવ નથી; જ્ઞાનીને જ્ઞાન અને વિકલ્પ બંને ભિન્ન ભિન્ન છે.

પ્રશ્ન :—ભેદજ્ઞાન ક્યાં સુધી ભાવવું?

ઉત્તર :—અચ્છિન્નધારાથી ભેદજ્ઞાન ત્યાં સુધી ભાવવું કે જ્યાં સુધી જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી જાય. પહેલાં પરથી ભિન્ન શુદ્ધાત્માની ભાવના કરતાં કરતાં જ્ઞાનમાં ઠરતાં રાગાદિથી ભિન્ન થઈને સમ્યગ્જ્ઞાન થાય છે. ત્યાર પછી પણ પરથી ભિન્ન એવા શુદ્ધાત્માની સતત ભાવના કરતાં કરતાં કેવળજ્ઞાન થાય છે. માટે, કેવળજ્ઞાન થતાં સુધી અચ્છિન્નધારાથી ભેદજ્ઞાન ભાવવું. આ ભેદજ્ઞાનની ભાવના તે રાગરૂપ નથી પણ શુદ્ધ આત્માના અનુભવરૂપ છે, એમ સમજવું.

પ્રશ્ન :—એક બાજુ કહે કે જ્ઞાનીનો ભોગ નિર્જરાનું કારણ છે. હવે શાસ્ત્ર તરફનું લક્ષ જાય છે તે શુભ રાગ હોવાથી બંધનું કારણ કહ્યું તો ભોગનો અશુભરાગ નિર્જરાનું કારણ કેમ હોય?

એ કારણે આત્મા ઠરે કર્તા ખરે નિજ ભાવથી;
પુદ્‌ગલકરમકૃત સર્વ ભાવોનો કદી કર્તા નથી. ૮૨. –શ્રી સમયસાર

ઉત્તર :—જ્ઞાનીના જ્ઞાનનું માહાત્મ્ય બતાવવા ભોગને નિર્જરાનું કારણ કહ્યું છે. સમયસારમાં કહે છે કે હે જ્ઞાની! તું પરદ્રવ્યના ભોગને ભોગવ. તેમ કહ્યું છે ત્યાં ભોગ ભોગવવાની પ્રેરણા નથી આપી પણ પરદ્રવ્યના કારણે બંધ થતો નથી તેમ બતાવવાનો આશય છે. શાસ્ત્રમાં જ્યાં જે અભિપ્રાયથી કહ્યું હોય ત્યાં તે જ અભિપ્રાયથી સમજવું. આ તો અલૌકિક વાત છે.

પ્રશ્ન :—સંયમલબ્ધિ સ્થાનને પુદ્‌ગલના પરિણામ કહ્યાં છે તો તે સરાગ સંયમ લેવો કે વીતરાગ સંયમ?

ઉત્તર :—સંયમ સરાગ હોતો નથી; વીતરાગી સંયમ છે, શુદ્ધ પર્યાય છે પણ એ ભેદ પડે છે તેના ઉપર લક્ષ કરતાં રાગ થાય છે તેથી તેને પુદ્‌ગલના પરિણામ કહ્યાં છે. જીવ તો એકરૂપ અભેદ અખંડ છે. તેમાં ભેદ પડતાં જેટલા પરિણામ જીવસ્થાન, માર્ગણાસ્થાન, ગુણસ્થાનના થાય તે બધા પુદ્‌ગલની ચિતરામણ છે, જીવના નથી તેમ નિઃસંદેહ જાણ તેમ કહે છે.

પ્રશ્ન :—ઉપયોગને કેટલો ઊંડો લઈ જવાથી આત્માના દર્શન થાય છે—આત્મા પમાય છે?

ઉત્તર :—ઉપયોગ પરમાં—બહારમાં જાય છે તેને અંદર સ્વમાં લઈ જવાનો છે. ઉપયોગને સ્વમાં લઈ જવો તેને ઊંડો લઈ જવો કહ્યો છે. ઊંડો એટલે આઘો-દૂર લઈ જવાનો નથી પણ અંદર—સ્વમાં લઈ જવાનો છે. ઉપયોગ સ્વમાં વળતાં—ઢળતાં આત્માના દર્શન થાય છે.

પ્રશ્ન :—શું આત્મા અને રાગનું ભેદજ્ઞાન કરવું અશક્ય છે?

ઉત્તર :—આત્મા અને રાગની સંધિ અતિ સૂક્ષ્મ છે, ઘણી જ દુર્લભ છે, દુર્લભ છે તો પણ અશક્ય નથી. જ્ઞાન ઉપયોગને અતિ સૂક્ષ્મ કરતાં—ઝીણો કરતાં લક્ષમાં આવી શકે છે. પંચમહાવ્રતના પરિણામો કે શુક્લલેશ્યાના કષાયની મંદતાના પરિણામો તે અતિ સૂક્ષ્મ કે દુર્લભ નથી પણ આત્મા અતિ સૂક્ષ્મ છે. તેથી ઉપયોગ અતિ સૂક્ષ્મ કરવાથી આત્મા જાણવામાં આવે છે.

**આત્મા કરે નિજને જ એ મંતવ્ય નિશ્ચયનય તણું,**
**વળી ભોગવે નિજને જ આત્મા એમ નિશ્ચય જાણવું. ૮૩.** **–શ્રી સમયસાર**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—અંતરમાં જવા માટે લાચારી કરવી પડતી હોય છે ?

પૂજ્ય બહેનશ્રી :—પરિણતિની દોરી અંદરમાં લઈ જવી તે જ્ઞાનીના હાથમાં છે. પરિણતિની દોરી સ્વરૂપ તરફ ખેંચવી તે તેના હાથની વાત છે, તેમાં કોઈની લાચારી કરવી પડતી નથી. પુરુષાર્થની મંદતાને લઈને તે બહાર આવી જાય છે; પણ બહાર આવીને પોતે અંતરમાં લીલા માત્રમાં જઈ શકે છે. પોતાની સ્વરૂપની પરિણતિને તે વધારતો જાય છે અને તેના માટે બીજા કોઈના આશ્રયની જરૂર નથી.

પ્રશ્ન :—ચૈતન્યનો લાભ અને દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ આદિનો લાભ, બધું ગુરુદેવના પ્રતાપે મળ્યું.

પૂજ્ય બહેનશ્રી :—આ ચૈતન્યનો લાભ તે જ અંતરનો ખરો લાભ છે એમ ગુરુદેવ કહે છે. બહારનો દેવ-શાસ્ત્ર-ગુરુનો લાભ મળવો તે પણ મહાદુષ્કર છે. ગુરુદેવ મળ્યા, જિનેન્દ્રદેવ મળ્યા, શાસ્ત્ર મળ્યાં, એ બધો લાભ મળવો તથા તે કાર્યોમાં જોડાવું એ બધું દુર્લભ છે; પણ આ ચૈતન્યનો લાભ તો તેનાથી પણ દુર્લભ છે.

પરમાત્મપ્રકાશમાં યોગીન્દ્રદેવ કહે છે ને ! કે જીવને અનંતકાળથી જિનેન્દ્રદેવ નથી મળ્યા અને સમ્યગ્દર્શન પ્રાપ્ત નથી થયું. તે બે દુર્લભ છે. જિનેન્દ્રદેવ મળવા મુશ્કેલ છે, છતાં મહાભાગ્યે જિનેન્દ્રદેવ મળ્યા; પણ અંદરમાંથી ગ્રહણ કર્યા નથી, એટલે ખરેખર મળ્યા નથી. અને એક સમ્યગ્દર્શન પ્રાપ્ત થવું મહામુશ્કેલ છે. તેથી આ બધા લાભની સાથે ચૈતન્યના લાભની દૃષ્ટિ રાખવી; ચૈતન્યનો લાભ લેવો, તે કરવા જેવું છે.

ચૈતન્યના લાભ ઉપર દૃષ્ટિ રાખવા જેવી છે કે ચૈતન્યનો લાભ કેમ થાય ? ચૈતન્યનું અસ્તિત્વ કેમ ગ્રહણ થાય ? હું આ ચૈતન્યસ્વરૂપ આત્મા છું એમ તેને ગ્રહણ થવો જોઈએ. માત્ર ગોખવાથી કે બોલવાથી તે નહીં થાય. જોકે તેની ભાવના થાય તે જુદી વાત છે; પણ તેના મૂળ અસ્તિત્વને ગ્રહણ કરવું. મારી અસ્તિ ચૈતન્યરૂપ છે. આ જે

આત્મા કરે વિધવિધ પુદ્‌ગલકર્મ—મત વ્યવહારનું,
વળી તે જ પુદ્‌ગલકર્મ આત્મા ભોગવે વિધવિધનું. ૮૪. –શ્રી સમયસાર

પરદ્રવ્ય દેખાય છે તે હું નહિ તેમ જ આ જે શુભાશુભભાવરૂપ વિભાવનું અસ્તિત્વ છે તે હું નહિ. મારું અસ્તિત્વ મારામાં છે, પણ બીજું અસ્તિત્વ મારામાં નથી; હું તેનાથી જુદો છું. જે સાધકદશાની ક્ષણિક પર્યાયો થાય તે પણ મૂળ દ્રવ્ય નહિ, મૂળ દ્રવ્ય તો અખંડ સ્વરૂપે પૂર્ણ છે. આ પૂર્ણ સ્વરૂપ ઉપર દૃષ્ટિ કરે તો પૂર્ણતાની પર્યાય પ્રગટ થાય. સાધકપણાની પર્યાયોમાં પણ રોકાવા જેવું નથી. તે વચ્ચે આવે ખરી, પણ તેમાં રોકાવા જેવું નથી. જે અનાદિ-અનંત શાશ્વત પૂર્ણ છે તે ચૈતન્યનો લાભ કેમ પ્રગટ થાય ? તે કરવા જેવું છે. તે લાભ પહેલા અંશે પ્રગટ થાય અને પછી પૂર્ણ પ્રગટ થાય છે.

પ્રશ્ન :—ભગવાનના મંદિરે ટહેલ મારતાં મંદિરનાં બારણાં ખૂલે છે ને ભગવાનનાં દર્શન થાય છે તેમ આત્મામાં ટહેલ કેવી રીતે મારવી ?

પૂજ્ય બહેનશ્રી :—જેમ ભગવાનના મંદિરને દ્વારે ટહેલ મારતાં બારણાં ખૂલે અને દર્શન થાય તેમ ચૈતન્ય ભગવાનના દ્વારે ટહેલ મારવા જેવું છે. ટહેલ મારી, તેનો સ્વભાવ ગ્રહણ કરી, અંતરમાં ચૈતન્યની સ્વાનુભૂતિ કેમ પ્રગટ થાય તે કરવા જેવું છે. વારંવાર હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું એમ તેની ધૂન લગાવવા જેવું છે. હું ચૈતન્ય છું, હું ચૈતન્ય છું, મને ચૈતન્યદેવનાં દર્શન કેમ થાય ? ચૈતન્યદેવનાં દર્શન થાય અને મારું મંગળ મંદિર કેવી રીતે ખૂલી જાય ! એમ વારંવાર ત્યાં ટહેલ મારે તો ચૈતન્યદેવનું મંગળ મંદિર એકવાર ખૂલી જશે અને તેમાં ચૈતન્ય ભગવાન બિરાજે છે તેનાં સ્વાનુભૂતિમાં દર્શન થશે. વારંવાર પ્રયત્ન કર તો અંતરમાં મંગળ મંદિર ખૂલી જશે અને મંગળતાથી ભરેલા ચૈતન્યદેવ પ્રગટ થશે. જિનેન્દ્રભગવાનનું મંદિર મંગળરૂપ છે. તેમ આ ચૈતન્યદેવ પણ મંગળરૂપ છે. મંગળ મંદિર અંતરમાંથી ખૂલી જતાં અંદર ચૈતન્યદેવ મંગળતાથી ભરેલા છે તે પ્રગટ થશે. અર્થાત્ આનંદથી ભરપૂર, જ્ઞાનથી ભરપૂર અને મંગળતાથી ભરેલી પર્યાયો પ્રગટ થશે. ચૈતન્યદેવની દરેક પર્યાયો મંગળતાથી ભરેલી છે. 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ'—બધા ગુણોની પર્યાયો અંશે મંગળરૂપ થશે અને તેમ કરતાં-કરતાં જ્યારે સાધકદશાની વિશેષ વૃદ્ધિ થઈને પૂર્ણતા થશે ત્યારે મંગળતાથી ભરેલા શુદ્ધાત્માની પૂર્ણ મંગળરૂપ પર્યાયો પ્રગટ થશે. જે મંગળતા મુનિને પ્રગટ થાય છે તેની શું વાત કરવી ? અને જે મંગળતા કેવળજ્ઞાનમાં પ્રગટ થાય છે તેની શું વાત કરવી ! ટહેલ મારતાં-મારતાં મંગળ દ્વાર ખૂલી જશે ને મંગળરૂપ ચૈતન્યદેવ બિરાજે છે તે મંગળમૂર્તિ ચૈતન્યદેવ પ્રગટ થઈ જશે. માટે, ટહેલ માર, તો ચૈતન્યનો લાભ પ્રગટ થશે.

**પુદ્‌ગલકરમ જીવ જો કરે, એને જ જો જીવ ભોગવે,**
**જિનને અસંમત દ્વિક્રિયાથી અભિન્ન તે આત્મા ઠરે. ૮૫. –શ્રી સમયસાર**

અર્થાત્ મંગળરૂપ ચૈતન્યદેવ પ્રગટ થશે કે જે મંગળતાથી ભરપૂર છે—એટલે કે તેમાં સ્વાનુભૂતિ, આનંદ અને સુખ ભરેલાં છે. તેનું જ્ઞાન કોઈ જુદું, તેનો આનંદ કોઈ જુદો ને તેમાંથી પ્રગટેલું ચૈતન્યનું બળ-અનંત શક્તિસમ્પન્ન ચૈતન્યનું બળ—પણ કોઈ જુદું ! અનંત ગુણોમાં રમનારો મંગળતાથી ભરેલો તે ચૈતન્યદેવ કોઈ જુદો જ પ્રગટ થશે. માટે બધાએ તે જ કરવા જેવું છે.

જ્ઞાયક.....જ્ઞાયક....જ્ઞાયક....એમ કરતાં ચૈતન્યના મંગળ દ્વાર ખૂલી જાય છે ને દિવ્યમૂર્તિ ભગવાન પ્રગટ થઈ જાય છે. એ જ જીવનમાં કરવા જેવું છે.

મુમુક્ષુ :—સૌ પહેલાં સમ્યગ્દર્શન થયું હશે ત્યારે આપને આનંદ-ઉલ્લાસ કેટલો આવ્યો હશે !!

બહેનશ્રી :—મારી હું શું વાત કરું ? એ તો અનંતકાળથી જે નહોતું મળ્યું તે મળે તેના આનંદનું શું કહેવું !! તે આનંદ અંશે હતો, હવે તો ભાવના પૂર્ણતાની થાય છે. ક્યારે મુનિદશા આવે ! ક્ષણે ક્ષણે અંતરમાં વાસ કરી બહાર ન આવીએ એવો દિવસ ક્યારે આવે ! એવી ભાવના રહે છે. ચૈતન્યમાંથી પ્રગટ થયેલો તે આનંદ જુદો જ હોય છે ! અંગત વાત તો શું કરવી ? બાકી હવે તો મુનિદશાની ને કેવળજ્ઞાનની ભાવના થાય છે કે તે દિવસ-એવો અપૂર્વ અવસર ક્યારે આવે કે જ્યારે મુનિ થઈ ક્ષણે ક્ષણે અંતરમાં વાસ કરીએ અને કેવળજ્ઞાન પ્રગટ કરીએ. તે ભાવના રહે છે.

(ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૨૪ થી ચાલુ)

આ રીતે ‘‘સોનાના ભાવ’’ના દૃષ્ટાંતે ગુરુદેવે આત્માના ભાવ સમજાવ્યા હતા.

ઘણીવાર લોકો કહે છે કે અમારો કોઈ ભાવ પૂછતું નથી ! પણ ભાઈ ! તેં પોતે કદી તારો ‘ભાવ’ પૂછ્યો છે ? તારો પોતાનો ‘ભાવ’ શું છે તેની તને ખબર છે ? હજી તને જ પોતાના ભાવની ખબર નથી,—પહેલાં તું તો તારા ‘ભાવ’ને જાણ. બીજા ભલે પૂછે કે ન પૂછે, પણ તારો ભાવ તો તારામાં છે. અનંતજ્ઞાનદર્શન આનંદના ભાવો તારામાં ભર્યા છે—તેનો અપાર મહિમા છે. જડભાવથી જુદો ને રાગભાવથી પણ જુદો, પરમ આનંદથી ભરેલો તારો ચૈતન્યભાવ છે—એ જ તારો સાચો ભાવ છે.

પુણ્યવડે શુભરાગવડે તું આત્મા લેવા માંગીશ તો તે ખોટો ભાવ છે, આત્માનો તે સાચો ભાવ નથી.

જ્ઞાનરૂપભાવ તે જ આત્માનો સાચો ભાવ છે, તે ભાવદ્વારા આત્માની પ્રાપ્તિ (અનુભવ) થાય છે. આવા તારા આત્મભાવને તું જાણ !

# ગુરુદેવ પૂછે છે—'સોનાનો ભાવ ?'

(વાત છે વીર સં. ૨૪૯૫ના કારતક વદ ચોથની)

તે દિવસે ચર્ચાની શરૂઆતમાં જ ગુરુદેવે કહ્યું : મારે એક પ્રશ્ન પૂછવો છે!

સભાજનો આશ્ચર્યથી પ્રશ્ન સાંભળવા આતુર બન્યા કે ગુરુદેવ શું પૂછશે ?

ત્યાં તો ગુરુદેવે પૂછ્યું—સોનાનો 'ભાવ' શું છે ?

ઘડીભર તો સૌ વિચાર પડી ગયા.

એક શ્રોતાએ જવાબ આપ્યો—સોનાના ભાવ હમણાં શું ચાલે છે તે ખબર નથી.

બીજા ભાઈ કહે કે આજે છાપામાં ભાવ વાંચ્યા નથી.

ત્રીજાભાઈ બોલ્યા : હમણાં સોનાનો ભાવ એક તોલાનો ૧૨૫ રૂ. છે

ગુરુદેવ કહે—સોનાનો ભાવ તો સોનામાં હોય સોનાનો ભાવ કાંઈ સોનાથી જુદો ન હોય.

સોનાના રજકણોમાં જે વર્ણ-ગંધ-રસ-સ્પર્શ છે તે જ સોનાનો ભાવ છે, 'ભાવ' એટલે વસ્તુના ગુણ.

જેમ આત્માનો ભાવ શું છે ? કે જ્ઞાન-દર્શન વગેરે ચૈતન્ય-ભાવ તે જ આત્માનો ભાવ છે. અરે, તારા આત્માનો 'ભાવ' શું તેની પણ તને ખબર નથી ? દરેક વસ્તુના ગુણ તે જ તેનો સ્વ-ભાવ છે.

આત્માનો ભાવ તો અનંત જ્ઞાનાદિરૂપ ત્રિકાળ છે. ક્ષણિક રાગાદિક વિકાર તે આત્માનો ખરો ભાવ નથી, તે રાગભાવ વડે આત્માની ખરી કિંમત અંકાતી નથી. વસ્તુને તેના સાચા ભાવ વડે ઓળખવી જોઈએ.

જેમ લાખ રૂ.ની કિંમતનો હીરો હોય ને તેની કિંમત પાંચ પૈસા ટાંકે—તો તેને હીરાના ભાવની ખબર નથી. તેમ ચૈતન્યહીરો અનંત જ્ઞાનસંપન્ન, તેની કિંમત રાગ જેટલી ટાંકે તો તેને ચૈતન્ય-હીરાના સાચા ભાવની ખબર નથી, આત્માનો ગુણ તેણે જાણ્યો નથી. વસ્તુનો 'ભાવ' જાણ્યા વગર વસ્તુની પ્રાપ્તિ થાય નહિ. દરેક વસ્તુમાં પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ હોય છે ને તેના વડે તે વસ્તુ ઓળખાય છે.

આત્મા ગુણ-પર્યાયને ધારણ કરનાર દ્રવ્ય છે.

અસંખ્ય અરૂપી ચૈતન્યપ્રદેશ તે તેનું ક્ષેત્ર છે.

વર્તમાન જે પર્યાયમાં વર્તે છે તે તેનો કાળ છે.


જ્ઞાનાદિ જે અનંતગુણો તે આત્માનો ભાવ છે.

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૩ ઉપર)

## બાળ વિભાગ

# પાંચ પાંડવ મુનિરાજ

### અહિંસા ધર્મની વાર્તા



જે સમયે યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુલ તથા સહદેવ આ પાંચ પાંડવોએ દ્વારિકા નગરી ભસ્મ થવાની અને શ્રીકૃષ્ણ મહારાજના મૃત્યુની વાત સાંભળી તે જ સમયે સંસારની ક્ષણભંગુરતાને જોતા તેમનું ચિત્ત સંસારથી ઉદાસ થયું અને તેઓ શ્રી નેમિનાથ ભગવાનના સમવસરણમાં આવી ગયા. સંસારથી વિરક્ત થઈ તેમણે મુનિદશા ધારણ કરી ત્યાં અનેક ભક્તજનોએ અત્યંત હર્ષપૂર્વક પાંડવ મુનિ ભગવંતોના દર્શન કર્યા.

પરંતુ તે સમયે દુર્યોધનના ભાણેજના મનમાં પાંડવોને જોઈને એવો દુષ્ટ વિચાર આવ્યો કે આ પાંડવોએ મારા મામાને માર્યા છે તેથી હવે હું તેમનો બદલો લઈશ. કારણ કે મુનિદશામાં મુનિઓ કોઈ પ્રકારનો પ્રતિકાર કરશે નહીં. તેવા દુષ્ટ વિચારપૂર્વક તેણે પાંડવોના શરીર ઉપર તેઓ ધ્યાન કરતા હતા તે સમયે તપાયેલા લોખંડના આભૂષણો પહેરાવી દીધા. મસ્તક ઉપર લોખંડનો તપાવેલો મુગુટ પહેરાવ્યો અને હાથ-પગમાં ગરમ કડા પહેરાવ્યા. આ પ્રમાણે તેણે પાંડવોને જીવતા મારવા માટે ઘોર ઉપસર્ગ કર્યો. તપાવેલા મુગટથી તેમના મસ્તક સળગવા લાગ્યા અને ગરમ આભૂષણોથી તેમના હાથ-પગ સળગવા લાગ્યા.

ત્યારે (૧) યુધિષ્ઠિર, ભીમ ને અર્જુન તો ચિદાનંદ તત્ત્વની શાંત અનુભૂતિમાં લીન થઈ ગયા અને ઉપસર્ગ તરફ તેમનું લક્ષ ગયું નહીં. આ રીતે ક્ષપકશ્રેણી માંડી વીતરાગી થઈ ગયા અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી સોનગઢની પાસે આવેલા સિદ્ધક્ષેત્ર શત્રુંજય પર્વત પર પોતાના આત્માનું અખંડ ધ્યાન કરી મોક્ષપદ પ્રાપ્ત કર્યું. આ પ્રકારે તેઓ ચૈતન્યભાવથી જરાપણ ડગ્યા નહીં તેથી તેમને રાગની ઉત્પત્તિ થઈ નહીં. તેથી તેઓ પરમ અહિંસક થયા.

(૨) બીજી બાજુ નકુલ અને સહદેવ બંને ભાઈઓએ પણ શાંતિથી ઉપસર્ગ સહન કર્યો. દુશ્મન પર ક્રોધ ન કર્યો પરંતુ તેમને એવો વિચાર આવ્યો કે આ ઉપસર્ગથી અમારા મોટાભાઈઓને શું થતું હશે ? આ પ્રમાણે તેમને સંજ્વલન રહી ગયો. તેથી તેમને રાગની ઉત્પત્તિ થઈ. ત્યારે તેઓ પૂર્ણ વીતરાગભાવમાં સ્થિર ન રહી શક્યા અને માત્ર શુભ વિકલ્પથી ચૈતન્યભાવની સૂક્ષ્મ હિંસા કરી. તેથી તેમને સંસારમાં સર્વાર્થસિદ્ધિના દેવનો ભવ મળ્યો. તેમનો મોક્ષ થયો નહીં. તેઓ સંસારમાં રહ્યા.

હાં, તેઓએ તીવ્ર રાગ-દ્વેષનો ભાવ પણ ન કર્યો, ત્રણ પાંડવોને બચાવવાની ચેષ્ટા પણ ન કરી તેથી તેમને પણ વીતરાગતા હતી અને તે અહિંસા હતી.

(૩) ત્રીજા પ્રકારના જીવો પણ ત્યાં હતા. તેઓએ આ ઉપસર્ગ જોઈને ઉપસર્ગ કરવાવાળા ઉપર તીવ્ર ક્રોધ કર્યો તથા પાંડવોને બળતા દેખી ઘણા જ ઉદ્વેગના ભાવ કર્યા. ભક્તિભાવથી તેમને બચાવવાની ચેષ્ટાઓ કરી.

આ જીવોએ જો કે કોઈ જીવને માર્યો નહીં તોપણ જેટલા ક્રોધાદિભાવો કર્યા તેટલા અંશે ચૈતન્યભાવની હિંસા કરી. તેમના પરિણામ શુભ હોવા છતાં તેમને અહિંસક કહી શકાય નહીં. કારણ કે અહિંસા તો પોતાના વીતરાગભાવને સ્વીકાર કરે છે. તેથી કોઈ જીવને બચાવવાનો ઉદ્વેગ પરિણામવાળો જીવ પણ હિંસક હોય છે.

(૪) ચોથા પ્રકારના જીવ તે છે કે જેણે મુનિરાજને મારવાના ક્રૂર પરિણામ કર્યા. તેની તો શું વાત થાય? તેને તો તીવ્રથી તીવ્ર હિંસા થઈ.

(૧) એટલે જેમણે સાચા અહિંસક થવું છે તેઓએ કોઈપણ રાગને પરધર્મરૂપ હિંસા માનવી નહીં.

(૨) જેટલો રાગ તેટલી હિંસા એમ સમજીને રાગને છોડવો જોઈએ.

(૩) જેટલી વીતરાગતા તેટલી અહિંસા તેવું સમજી સ્વભાવનો આદર કરવો જોઈએ. તેના દ્વારા જ ભવથી પાર થઈ શકાય છે.


## શત્રુંજય સંદેશ

(શત્રુંજય-પાલિતાણા કે જ્યાં મોહશત્રુને જીતવાવાળા પાંડવ ભગવંતોની ધીરતા અને વીરતાનો ખ્યાલ આવે છે.)

ઘણા વર્ષો પહેલા પાલિતાણા (ગુજરાત)માં શત્રુંજય પર્વત ઉપર એક મંદિરના નિર્માણકાર્યમાં એક આકસ્મિક દુર્ઘટના થઈ ગઈ હતી. જેમાં ઘણા મનુષ્યો દબાઈ ગયા. કેટલાક મનુષ્યો, બાળકો, યુવાનો, વૃદ્ધો મૃત્યુ પામ્યા.

આ ઘટનાથી પણ અધિક ગંભીર ઘટનાઓ ક્યાંક વિપત્તિ અને ક્યાંક પૂરની દુર્ઘટનાઓથી તે સમયે બની હતી. દુનિયામાં હંમેશા આવા પ્રસંગો બનતા રહે છે. કારણ કે સંયોગો તો ક્ષણભંગુર છે છતાં આવા ક્ષણભંગુર પ્રસંગે લોકોને તાત્કાલિક ભાવનાઓનો ઊભરો આવે પણ છે અને થોડા જ સમયમાં શાંત પણ થઈ જાય છે.

પાલિતાણાની દુર્ઘટનાથી ઊભી થયેલી ભાવના થોડા સમયમાં શાંત થઈ ગઈ. ક્ષણિક કરુણા તે આઘાતના મનોભાવથી આગળ વધીને કોઈ વિચારતું જ નથી કે છેવટે આવું કેમ થયું? અરે! જ્ઞાનીઓએ સમગ્ર વસ્તુસ્થિતિ કોઈ ભિન્ન જ બતાવી છે. દુઃખ મરણનું નહીં પરંતુ મોહનું છે.




આ તે જ શત્રુંજય પર્વત છે જેના શિખર ઉપર આજથી ૮૪ હજાર વર્ષ પહેલા (તીર્થંકર નેમિનાથના શાસનકાળમાં) પાંડવ મુનિરાજોએ કઠોર તપશ્ચરણ તપ કર્યું હતું. તેમનો દેહ તો આગમાં સળગતો રહ્યો, પરંતુ તે સમયે ચૈતન્ય શાંતિમાં લીનતાપૂર્વક દેહ છોડીને તેઓ મોક્ષે ગયા. મોહશત્રુને જીતીને સિદ્ધપદ પ્રાપ્ત કર્યું. અને આજે આજ શત્રુંજય પર્વતની તળેટીમાં અનેક મનુષ્યોએ મોહના કારણે અત્યંત દુઃખી થઈ પ્રાણ છોડ્યા.

શત્રુંજય પર્વત ઉપર પ્રાણ તો બંનેના છૂટ્યા પરંતુ પાંડવ ભગવંતોએ તો દેહથી ભિન્ન ચૈતન્યની એવી આરાધનાપૂર્વક દેહ છોડ્યો કે ભવથી પાર થઈને સિદ્ધપદને પ્રાપ્ત કર્યું. અને આ શત્રુંજયને પણ તીર્થરૂપ સિદ્ધક્ષેત્ર બનાવી દીધું. આજે હજારો વર્ષોથી આપણે પણ શત્રુંજય પર્વતની યાત્રા દ્વારા તેની આરાધનાને યાદ કરીએ છીએ. પરંતુ આ દુર્ઘટનાવાળા જીવો આવું ન કરી શક્યા. અને તેઓએ મોહના કારણે પ્રાણ છોડ્યા. તેથી તેને માત્ર આ દુઃખદ ઘટના છે તેને કોઈ લાંબા સમય સુધી યાદ પણ કરતું નથી.

આ પ્રમાણે જીવોના અંતરંગ પરિણામો અનુસાર જગતની એક જ પ્રકારની ઘટનામાં કેટલું મહાન અંતર થઈ જાય છે. તેનો વિચાર કરીએ તો આ મોહશત્રુને જીતવાવાળો શત્રુંજય વીતરાગ પાંડવ મુનિ ભગવંતોની યાદ આપીને આપણામાં પણ ઉત્તમ આરાધનાની ભાવના જગાડે છે. માત્ર કરુણાની ભાવના તો બધા લાકોને આવે છે પરંતુ શત્રુંજય તો આપણને સ્થિરતા, એકાગ્રતા અને વીરતા દ્વારા મોહશત્રુને જીતવાનો

ધર્મ સંદેશ આપે છે.

**યુધિષ્ઠિર** : યુદ્ધની વચ્ચે પણ ધ્યેય સ્થિર રહે તે યુધિષ્ઠિર છે, અધ્યાત્મિકદૃષ્ટિથી અનેક પ્રકારના સંયોગ-વિયોગ તથા પરભાવરૂપ યુદ્ધની વચ્ચે પણ જે પોતાના જ્ઞાનને સ્થિર રાખે તથા પરભાવોથી સહેજ પણ ચલિત ન થાય એવા યુધિષ્ઠિર ઉપયોગ દ્વારા તત્ત્વોને જીતી સિદ્ધપદને પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે યુધિષ્ઠિર 'યુધિ-સ્થિર' બનવાનો સંદેશ આ સિદ્ધક્ષેત્ર આપે છે.

**ભીમ** : જે કોઈથી ડરે નહીં, જેને કોઈ જીતી શકે નહીં, જે રાક્ષસી વૃત્તિઓનો નાશ કરે અને જે પ્રતિકૂળતાઓના યુદ્ધની વચ્ચે પણ નીડરતાથી પોતાના પરાક્રમ દ્વારા મોહ-ક્રોધાદિને જીતે એવા ભીમે પણ મોક્ષ પ્રાપ્ત કર્યું. તેમની મોક્ષની ભૂમિરૂપ આ શત્રુંજય તીર્થ એવો સંદેશ આપે છે કે હે જીવો ! તમે પણ ભીમ સમાન નીડર અને પરાક્રમી થવા ઈચ્છતા હો તો કોઈપણ પરિસ્થિતિમાં શાંતભાવથી આત્માને સાધો. કારણ કે વીતરાગભાવરૂપ બહાદુરી જ મોક્ષનો ઉપાય છે.

**અર્જુન** : જે બાણ ચલાવવામાં કુશળ હોય, જેનું લક્ષ્ય ક્યારેય પણ ખાલી ન જાય, લક્ષ્યના પ્રત્યે પોતાના લક્ષને એકાગ્ર કરી તેને સાધે આ પ્રમાણે અર્જુને અંદરમાં એક ચૈતન્યને લક્ષ બનાવી અન્ય દરેક પદાર્થોથી લક્ષ હટાવી તેના લક્ષ (ધ્યાન)ને એકાગ્ર કરી સિદ્ધપદને સાધ્યું. આવા લક્ષ્યભેદી અર્જુન ભગવાનનો સંદેશ આ સિદ્ધક્ષેત્ર સંભળાવે છે કે હે જીવો ! તમારા ઈષ્ટની સિદ્ધિ માટે જગતને ભૂલી સંયોગોથી લક્ષ્ય હટાવી ચૈતન્યભાવરૂપ એક લક્ષ્યમાં જ લક્ષને એકાગ્ર કરી ધ્યાનરૂપી તીર ચલાવવાથી તમને ઈષ્ટની સિદ્ધિ થશે, સિદ્ધપદ પ્રાપ્ત થશે અને તમે મોહશત્રુને જીતી લેશો.

આ છે શત્રુંજય સંદેશ : બાકી તો નકુલ અને સહદેવને મોક્ષ પ્રાપ્ત ન થયો. તેઓ સ્વર્ગમાં ગયા. કારણ કે આપણા ભાઈઓનું શું થતું હશે ? એવા વિચારમાં તેઓ રોકાઈ ગયા. અને લક્ષની એકાગ્રતાથી ચૂકી ગયા તેથી આપણને એ સંદેશ મળે છે કે હે જીવો ! પરની ચિંતામાં રોકાવું નહીં સ્વ લક્ષને સાધવામાં જ સ્થિર રહેવું અને પરાક્રમ દ્વારા ઉપયોગને એકાગ્ર કરવો.

આ પ્રમાણે યુધિષ્ઠિર, ભીમ, અર્જુન શત્રુંજયના શિખર ઉપરથી સ્થિરતા, વીરતા અને એકાગ્રતાનો મહાન સંદેશ આપે છે. શત્રુંજયથી ત્રણ પાંડવ ભગવંતો અને બીજા આઠ કરોડ મુનિવરોએ સિદ્ધિ પ્રાપ્ત કરી તેથી આ પવિત્ર સિદ્ધક્ષેત્ર છે અને વીતરાગતાનો સંદેશ આપે છે.

જય શત્રુંજય....... જય પાંડવ ભગવંત.

(અનુસંધાન પેજ નં. ૧૨ થી ચાલુ)

આ સ્વરૂપની રીત છે. આ મોક્ષના પંથની રીત છે. અહો! અનંતા ગુણોના ભંડારરૂપ, અવિકારરૂપ અપાર શક્તિથી ભરપૂર મારું સ્વરૂપ છે—એમ વિચારે, રાગદ્વેષથી જરા ચલપણું થાય છે, તેનું મટવું અચલ સ્વભાવના આશ્રયે થાય છે, બહિર્મુખ રાગ દ્વારા આત્માનો અનુભવ થતો નથી. ધ્યાન ધર્યે નિશ્ચલ થાય એમ જ્ઞાન જાણે. વળી સ્વરૂપનું જ્ઞાન જ અનુપમ પદનું સર્વસ્વ છે. આત્મા જ્ઞાન અને આનંદનો પિંડ છે, તે જ્ઞાન સર્વસ્વને જાણે. એ જ મારું ધન છે. કોઈ પુણ્ય-પાપ કે નિમિત્ત સાધન નથી. ટૂંકી વિધિથી અંતરની વાત કરી છે. એ સ્વરૂપના જ્ઞાન વિના પોતાનું માની અજ્ઞાની દુઃખી થાય. (ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૧૭ થી ચાલુ)

માંસાદિ અભક્ષ્ય-ભક્ષણના તીવ્ર હિંસાદિ પાપોને તો સર્વથા છોડ્યા જ છે, તે ઉપરાંત આરંભ-પરિગ્રહ સંબંધી જે પાપક્રિયાઓ તેનાથી પણ જેટલો બને તેટલો છૂટવાનો ને નિર્દોષ શુદ્ધ જીવનનો અભિલાષી છે. અને, આવો ઉત્તમ જૈનધર્મ ને આવું અદ્ભુત આત્મસ્વરૂપ—તેને પામીને હવે કોઈ પાપ મને શોભતું નથી. —એમ અવ્રતજન્ય પાપોથી અત્યંત ભયભીત વર્તે છે. મારા જીવનમાં કોઈ નાનું પાપ પણ ન હો, ને ઉજ્જ્વળ વીતરાગી જીવન હો એવી ભાવના હોય છે.

—આ પ્રમાણે શ્રાવક આ પુનિત ૨૧ ગુણના ધારક હોય છે.મુમુક્ષુએ પણ આ દરેક ગુણનું સ્વરૂપ વિચારીને, પોતામાં પણ તે ગુણને ધારણ કરવા. એના વડે જીવન શોભી ઊઠશે.

---

## સુવર્ણપુરીમાં સોળમી 'બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર'નું આયોજન

પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં તા. ૨૪-૧૨-૧૬, શનિવારથી તા. ૨૯-૧૨-૧૬, ગુરુવાર સુધી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત તથા શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા આયોજિત શ્રીમતી કસ્તુરીબેન પોપટલાલ શાહ હસ્તે બ્ર. નિર્મળાબેન, બ્ર. લતાબેન તથા શ્રીમતી પ્રીતિબેન નવીનભાઈ શાહ, બોરીવલીના સૌજન્યથી સોળમી 'બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું છે. તો દરેક મુમુક્ષુઓને નમ્ર વિનંતી કે તેઓ પોતાના બાળકો સાથે આ શિબિરનો લાભ લેવા માટે અવશ્ય પધારે.

આ શિબિર પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રતિષ્ઠિત કાનાતળાવ, સાવરકુંડલા તથા લાઠીની યાત્રાનો કાર્યક્રમ રહેશે જેની તારીખ શિબિર વખતે જણાવવામાં આવશે.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૮-૦૦ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | શ્રી સમયસાર ઉપર સોળમી વારનું પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પ્રવચનસાર) |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૩૦ થી ૮-૩૦ | : | નાટક સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |

### * ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવ(દીપાવલી) સાનંદ સંપન્ન *

ભગવાન મહાવીરના નિર્વાણ મહોત્સવ પ્રસંગે સુવર્ણપુરીના પરમાગમ મંદિરમાં શ્રી પંચકલ્યાણક વિધાન પૂજાનું આયોજન થયું હતું. ભગવાન મહાવીરના નિર્વાણકલ્યાણકના દિવસે નિર્વાણલાડુ ચઢાવવાનો લાભ (૧) લબ્ધિ તથા નમિતા અક્ષયભાઈ ડેલીવાળા, વડોદરા તથા નિવાન નિજેશ સિદ્ધાર્થભાઈ શાહ પરિવાર, મુલુન્ડ તથા (૨) શ્રેય, ઋષભ શાહ તથા જશવંતભાઈ, અંજનભાઈ, રાજેશભાઈ શાંતિલાલ શાહ પરિવાર, મુંબઈને પ્રાપ્ત થયો હતો.

### * વિશેષ ધાર્મિક કાર્યક્રમ *

આપણા પરમ તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની વાર્ષિક સમાધિદિન નિમિત્તે સોનગઢમાં પંચાહ્નિક વિશેષ ધાર્મિક કાર્યક્રમ કારતક વદ ૨ તા. ૧૬-૧૧-૨૦૧૬, બુધવારથી કારતક વદ ૭ તા. ૨૦-૧૧-૨૦૧૬, રવિવાર સુધી રાખવામાં આવ્યો હતો. આ 'ગુરુ-ઉપકારસ્મૃતિ'નો કાર્યક્રમ શ્રી પંચપરમેષ્ઠીમંડલ વિધાન પૂજા, પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ગુરુ-ભક્તિભીના માર્ગદર્શન અનુસાર વીતરાગ દેવ-ગુરુની ભક્તિ તથા વીતરાગ તત્ત્વજ્ઞાનની કલ્યાણી ઉપાસનાપૂર્વક સાદગીથી ઊજવવામાં આવ્યો.

### * ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય 'આચાર્યપદવી દિન' સમારોહ *

શ્રી કુંદકુંદાચાર્યદેવના 'આચાર્યપદવી દિન'નો ઉત્સવ માગશર વદ ૮, તા. ૨૧-૧૨-૨૦૧૬ શનિવારના રોજ ભગવાન કુંદકુંદાચાર્યદેવના વિશેષ પૂજન-ભક્તિના કાર્યક્રમ સાથે ઉજવવામાં આવશે.

### * કહાન એક્સપ્રેસ દ્વારા સમ્મેદશિખર યાત્રા સાનંદ સંપન્ન *

કહાન એક્સપ્રેસ દ્વારા આયોજિત સમ્મેદશિખર યાત્રા તા. ૨૪-૧૦-૨૦૧૬ થી તા. ૬-૧૧-૨૦૧૬ સુધી પૂજા ભક્તિ, ગુરુદેવશ્રીના ટેપ પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાઓ તથા સાધર્મી વિદ્વાનોના ભક્તિપૂર્વકના વાંચન દ્વારા અતિ ઉલ્લાસમય વાતાવરણમાં પૂર્ણ થઈ. આ યાત્રામાં આયોજકોએ પૂર્ણ શ્રમ ઉઠાવી યાત્રાળુઓ માટે રહેવાની, જમવાની તથા પ્રવાસની ઉત્તમ વ્યવસ્થા કરી હતી. આ યાત્રામાં હસ્તિનાપુર, અયોધ્યા, બનારસ, ચંદ્રપુરી, સિંહપુરી, સમ્મેદશિખર, પાવાપુરી, કુંડલપુર, રાજગૃહી, તથા મહાવીરજીની યાત્રાનો લાભ યાત્રાળુઓને મળ્યો હતો.

## (૪૨)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

નીચે દસ વાક્યો આપ્યા છે તેમાં અક્ષરો પૂરા છે પરંતુ તે અક્ષરો જરાક આડાઅવળા થઈ ગયા છે તે બરાબર ગોઠવો

(૧) ભતર અને બાબલીહુ નેબં ઈભા હતા.
(૨) વીસમાબા કરતીર્થં નાનેમિથ નારગિરિથી મોક્ષ પામ્યા.
(૩) રમવીહા નભવાગ પાપુવારીથી મોક્ષ પામ્યા.
(૪) ઢગમાંનસો ૩૬ ફૂટ ઉંચો નભમાસ્તં છે.
(૫) ‘મોન હંણંઅરિતા એ મહામંત્ર છે.
(૬) રમસાયસ શાસ્ત્રમાં ૫૧૪ ઓથાગા છે.
(૭) આત્મા સ્વનભાવીજ્ઞા વસ્તુ છે.
(૮) નોજીવ મોક્ષ વીગીરાતથી રત્રયત્ન થાય છે.
(૯) જયપૂ શ્રીરુનોવદેગુ જન્મ રાળામઉ થયો હતો.
(૧૦) વાએદીળી રવીમહા નોનગભવા ક્ષમો થયો છે.

### ખાલી જગ્યા ભરો

(૧) સિદ્ધ ભગવંતો એક જગ્યામાં .................. હોય છે.
(૨) પુણ્ય-પાપનું સમાનપણું માત્ર .............. મતમાં જ હોય છે.
(૩) જીવે ચાર ગતિમાં સૌથી ઓછા ભવ ................. પર્યાયના કર્યા છે.
(૪) પહેલા અનુભવ કરેલ પદાર્થને યાદ કરવો તેને ..................... કહે છે.
(૫) નીગોદના જીવો એક જગ્યામાં ................. રહે છે.
(૬) સ્ત્રી, ભોજન, દેશ અને રાજ્ય એ ચાર અશુભ ભાવરૂપ વાર્તાલાપ એ .............. કથા કહેવાય છે.
(૭) મનુષ્યના ભવ ઉપરા ઉપરી ................. થઈ શકે છે.
(૮) જેમ સમુદ્રમાં પડેલ રત્ન મળવું દુર્લભ છે તેમ ................ પર્યાય પ્રાપ્ત થવી દુર્લભ છે.
(૯) ચાર ગતિમાં સૌથી ઓછા જીવો ................. ગતિમાં હોય છે.
(૧૦) નિઃશંકિતપણું એ સમ્યક્ ................નું અંગ છે.

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્નો નવેમ્બર-૨૦૧૬ના ઉત્તરો

| | | | |
|---|---|---|---|
| (૧) | મિથ્યાદૃષ્ટિ દેવ | (૧) | ✕ |
| (૨) | સિદ્ધ ભગવાન | (૨) | ✕ |
| (૩) | મોક્ષમાં | (૩) | ✕ |
| (૪) | શ્રી હનુમાન | (૪) | ✕ |
| (૫) | ગૌતમ સ્વામી | (૫) | ✕ |
| (૬) | ચંદ્રગુપ્ત | (૬) | ✓ |
| (૭) | અગિયારમાં ગુણસ્થાનવાળો જીવ | (૭) | ✓ |
| (૮) | અરિહંત દેવ | (૮) | ✕ |
| (૯) | દિગંબર મુનિ | (૯) | ✕ |
| (૧૦) | જંબુસ્વામી | (૧૦) | ✓ |

## ભૂલ સુધાર

પાછળના અંકમાં 'બાલ સંસ્કાર શિબિર'ની તારીખ ભૂલથી ૨૫-૧૨-૨૦૧૬ થી ૩૦-૧૨-૨૦૧૬ લખેલ હતી જે સુધારીને તા. ૨૪-૧૨-૨૦૧૬ થી ૨૯-૧૨-૨૦૧૬ વાંચવી.

## (૪૨)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર છઢાળાની પહેલી ઢાળમાંથી મળશે.)

(૧) પંચ પરમેષ્ઠીમાંથી ............. દેવ અને ............ ગુરુ છે.

(૨) જગતમાં જીવની સંખ્યા ................. છે.

(૩) સર્વ જીવોને ................ વહાલું છે.

(૪) સર્વે જીવો ................ થી ભયભીત રહે છે.

(૫) યોગીજનો સદા સુખમય એવાં ................ ને ધ્યાવે છે.

(૬) ત્રણ જગતમાં સારભૂત ................... છે.

(૭) જીવનો દોષ પરને ............. માનવું ને પોતે ............... ભૂલી જવું.

(૮) મોક્ષ પામેલી જીવોની સંખ્યા ................ છે.

(૯) ................. ભગવંતો શરીર વગર પરમ સુખી છે.

(૧૦) જિનવાણી (૧) ............... (૨) ............... (૩) ............ નો નાશ કરાવે છે

(૧૧) તિર્યંચ ગતિમાં .................. જીવો છે.

(૧૨) ઉપદેશ વડે સંતો .................. ને દેખાડે છે.

(૧૩) મનુષ્ય ગતિમાં ............... જીવો છે.

(૧૪) એકેન્દ્રિય જીવમાં જ્ઞાન છે પણ .................... અને ................. નથી.

(૧૫) નરક અને દેવ ગતિમાં ................... જીવો છે.

(૧૬) જીવને દુઃખનું કારણ પોતાનો ............. ભાવ છે.

(૧૭) સંતોએ ................. સમજાવીને જગત ઉપર મહાન ઉપકાર કર્યો છે.

(૧૮) જે જીવ પોતાનું હિત ચાહતો હોય તેણે ................. કરવા લાયક છે.

(૧૯) પાંચમી ગતિ ................. ગતિ છે.

(૨૦) ત્રણ ભુવનમાં સાર ................. છે.

# બાળકો માટેના આપેલ પ્રશ્ન નવેમ્બર—૨૦૧૬ના ઉત્તર

| | | | |
|---|---|---|---|
| (૧) | ભાવ | (૧૧) | જીવ-પુદ્ગલ |
| (૨) | ગુણાવા | (૧૨) | ૧૨ |
| (૩) | લક્ષણ | (૧૩) | આકાશ-કાળ |
| (૪) | ચોવીસ તીર્થંકર | (૧૪) | અવ્યાપ્તિ |
| (૫) | ૨ | (૧૫) | સમાન |
| (૬) | શિક્ષાવ્રત | (૧૬) | મિથ્યાત્વ દૂર કરવું |
| (૭) | ૮૦ | (૧૭) | ઔદયિક |
| (૮) | ઉપયોગ | (૧૮) | જયસેન |
| (૯) | ચાર | (૧૯) | મુનિ |
| (૧૦) | પુદ્ગલ | (૨૦) | આઠ |

## વૈરાગ્ય સમાચાર :—

અચલાબેન રજનીકાંત શેઠ, અમદાવાદ (ઉ.વ. ૬૨) તા. ૪-૮-૨૦૧૬ના રોજ દેહપરિવર્તન કરેલ છે.

વિછિંયાનિવાસી જયંતિલાલ ઉજમશી જૈન (મધિયા) હાલ અમદાવાદ (અંકલેશ્વર) (ઉ.વ. ૮૮) તા. ૯-૮-૨૦૧૬ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

ગઢડાનિવાસી (હાલ ઈન્દૌર) રમાબેન ભીખાલાલ કામદાર (ઉ.વ. ૮૯) તા. ૨૧-૯-૨૦૧૬ના રોજ દેહપરિવર્તન કરેલ છે.

દિલીપભાઈ ઉમેદભાઈ શાહ (હાલ રાજકોટ) (ઉ.વ. ૬૨)નું તા. ૧૩-૧૦-૨૦૧૬ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

બોરીવલીનિવાસી કિશોરભાઈ ધીરજલાલ ઝોબાળિયા (—તે બ્ર. રંજનબેન ઝોબાળિયાના ભાઈ) (ઉ.વ. ૭૫) તા. ૧૫-૧૧-૨૦૧૬ના રોજ ટૂંકી માંદગીમાં દેહપરિવર્તન કરેલ છે. તેઓ અવારનવાર સોનગઢ આવતા હતા અને કાયમ માટે સોનગઢ રહેવાની તીવ્ર ભાવના ધરાવતા હતા. તેઓએ બોરીવલી મંદિરની પ્રતિષ્ઠામાં ભગવાનના માતા-પિતા બનવાનો લાભ લીધેલ હતો.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● પ્રશ્ન :—સમ્યગ્દર્શન થયા પછી તત્ત્વની આ બધી વાત સમજવામાં આવે કે પહેલાં પણ આવે ?

ઉત્તર :—સમ્યગ્દર્શન થયા પહેલાં પ્રયોજનભૂત નવતત્ત્વની બધી વાત લક્ષમાં આવે છે પછી અનુભવ થાય છે. વસ્તુનું સ્વરૂપ શું છે, મુનિપણું ને કેવળજ્ઞાન શું છે, હું કોણ છું, વિગેરે નવતત્ત્વનું ભિન્ન ભિન્ન સ્વરૂપ જે રીતે છે તે રીતે પહેલાં લક્ષમાં આવે પછી અનુભવ થાય છે. ૧૮૮.

● સિંહ ચારેકોર ફરતાં હોય ને જેમ ઊંઘ ન આવે, હથિયાર બંધ પોલીસ પોતાને મારવા ફરતો હોય ને જેમ ઊંઘ ન આવે તેમ તત્ત્વ નિર્ણય ન કરે ત્યાં સુધી એને સુખેથી ઊંઘ ન આવે. ૧૯૦.

● બહારન વિપદા એ ખરેખર વિપદા નથી. બહારની સંપદા એ સંપદા નથી. ચૈતન્યનું વિસ્મરણ તે જ મોટી વિપદા છે, ચૈતન્યનું સ્મરણ ખરેખર સાચી સંપદા છે. ૧૯૧.

● સર્વજ્ઞનો નિર્ણય કરવા જાય, આદર કરવા જાય, વિશ્વાસ કરવા જાય, પ્રશંસા કરવા જાય, રુચિ કરવા જાય ત્યાં જ પોતાના સર્વજ્ઞ સ્વભાવનો નિર્ણય થઈ જાય છે. એ જ પુરુષાર્થ આવ્યો. (એ જ પુરુષાર્થનું સ્વરૂપ છે.) ૧૯૨.

● આત્માનો વિકલ્પ સહિત સાધારણ મહિમા આવે તે મહિમા ન કહેવાય. અંદરથી રુચે તો વીર્ય ઉછળે, એ ક્યાં ઉછળે છે ? સાધારણ ધારણા અને માહાત્મ્ય તો અનંતીવાર આવ્યા. પણ ખરેખર માહાત્મ્ય અંદરથી આવવું જોઈએ. બાકી એ જ રહી ગયું છે ને ! પહેલાં માહાત્મ્ય આવે છે અને પછી માહાત્મ્યની ઉગ્રતા થતાં એકાગ્રતા થાય છે. ૧૯૩.

● આત્મ-અનુભવ સિવાય બધા મીંડા છે. લાખ કષાયની મંદતા કરે કે લાખ શાસ્ત્ર ભણે પણ અનુભવ વિના બધાં મીંડા છે અને કાંઈ ન આવડે છતાં અનુભવ થયો તો બધું આવડે છે, જવાબ દેતાં પણ ન આવડે પણ કેવળજ્ઞાન લેશે. ૧૯૪.

● થોડું પણ સાચું ગ્રહણ કરે તો તેટલામાં કેવળજ્ઞાન પ્રગટ કરવાની તાકાત છે. અને થોડું પણ વિપરીત ગ્રહણ કરે તો તેટલામાં અનંતા નિગોદના ભવ કરવાની તાકાત છે. ૧૯૫.

૩૬

આત્મધર્મ
ડિસેમ્બર-૨૦૧૬
અંક-૪ ● વર્ષ-૧૧

Posted at Songadh PO
Publish on 1-12-2016
Posted on 1-12-2016

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## સમ્યક્ત્વ સન્મુખતા

હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું. એમ જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે છે. તેને સાંભળતા પણ લક્ષ જ્ઞાયકનું રહે છે. તેને ચિંતવનમાં પણ હું પરિપૂર્ણ જ્ઞાયક વસ્તુ છું એમ જોર રહે છે તે જીવને સમ્યક્ સન્મુખતા રહે છે. મંથનમાં પણ લક્ષ જ્ઞાયકનું રહે છે. આ ચૈતન્યભાવ પરિપૂર્ણ વસ્તુ છે એમ એના જોરમાં રહે છે, તેને ભલે હજુ સમ્યગ્દર્શન ન થયું હોય. જેટલું કારણ આપવું જોઈએ તેટલું કારણ ન આપી શકે તોપણ તે જીવને સમ્યક્‌ની સન્મુખતા થાય છે. એ જીવને અંદર એવી લગની લાગે છે કે હું જગતનો સાક્ષી છું, જ્ઞાયક છું, એવા દૃઢ સંસ્કાર અંદરમાં પાડે કે જે સંસ્કાર ફરે નહિ. જેમ સમ્યગ્દર્શન થતાં અપ્રતિહત ભાવ કહ્યો છે તેમ સમ્યક્ સન્મુખતાના એવા દૃઢ સંસ્કાર પડે કે તેને સમ્યગ્દર્શન થયે જ છુટકો.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org